અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, મહા સુદ અગિયારસ | અંક : ૨૦૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# નિફ્ટી ઊંચકાતા સ્થાનિક શેરબજારનું માર્કેટ કેપિટલીઝેશન ૩૮૬.૩૦ લાખ કરોડને પાર

## બીએસઈસેન્સેક્સ ૨૮૧ પોઈન્ટ ઉછળીને ૭૨,૭૦૮ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૧ પોઈન્ટના વધારા સાથે ૨૨૧૨૨ના સ્તરે બંધ

**નિફ્ટીની સ્થાનિક શેરબજારમાં ઐતિહાસિક ઓલ-ટાઈમ હાઈલેવલ સપાટી**



### શેરબજારમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સિવાય તમામ ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયા

**સોમવારે ગૌતમ અદાણી ગ્રૂપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી બે સિમેન્ટ કંપનીઓના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. એસીસીલિમિટેડ અને અંબુજા સિમેન્ટના શેર થોડી નબળાઈ સાથે બંધ થયા હતા, જ્યારે અદાણી વિલ્મરના શેરમાં લગભગ ૬ ટકા અને અદાણી ગ્રીન એનર્જીના શેરમાં લગભગ ત્રણ ટકાનો વધારો નોંધાયો હતો. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, હજૂર મલ્ટી પ્રોજેક્ટ્સ, સર્વોટેક પાવર, બંધન બેંક, આઈટીસી, એલઆઈસી, કજરિયા સિરામિક્સ, ઈન્ડિયન ઓઈલ અને ગેઈલના શેરમાં તેજી હતી જ્યારે કેમ્બોન્ડ કેમિકલ્સ, ડીપી વાયર્સ, ગલ્ફ ઓઈલ, ત્યાંના શેરો વધ્યા હતા. પંજાબ નેશનલ બેંક, બીસીએલ ઈન્ડસ્ટ્રીઝ, સાઉથ ઈન્ડિયન બેંક અને સ્પાઈસ જેટના શેરમાં નબળાઈજોવા મળી છે.**

। મુંબઈ, તા.૧૯ ।

એનએસઈનિફ્ટીએ સ્થાનિક શેરબજારમાં નવા ઓલ-ટાઈમ લેવલ પર પહોંચી નવો રેકોર્ડ નોંધાવ્યો છે. આજના ટ્રેડિંગમાં એનએસઈ નિફ્ટીએ ૨૨,૧૫૭.૯૦ની નવી ઓલ-ટાઈમ હાઈ લેવલ નોંધાવી છે અને પ્રથમવાર ૨૨,૧૫૦ની સપાટી પાર કરી લીધી છે. એનએસઈની સત્તાવાર વેબસાઈટ પરના ડેટા મુજબ આ ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યા બાદ શેરબજારનું માર્કેટ કેપિટલાઈઝેશન ૩૮૬.૩૦ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

આજે સવારે નિફ્ટી ૨૨,૧૦૩.૪૫ પર ખુલ્યો હતો. દિવસભરના કારોબાર દરમિયાન નીચે ૨૨,૦૨૧.૦૫ની સપાટી પર જઈને આવ્યા બાદ ઊંચે ૨૨,૧૮૬.૬૫ની સપાટી પર જોવા મળ્યો હતો. ત્યારબાદ કારોબારના અંતે ૨૨,૧૨૨.૨૫ પર બંધ થયો હતો.સવારે શેરબજાર શ્રેષ્ઠ શરૂઆત સાથે લીલા નિશાન પર ખુલ્યું હતું, પરંતુ અડધા કલાકની અંદર સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાન પર આવી ગયું હતું. ત્યારબાદ માર્કેટમાં ફરી વધારો થયો અને માર્કેટ ખુલ્યાના બે કલાકમાં નિફ્ટીએ ઈતિહાસ નવા ઓલ-ટાઈમ લેવલ પર પહોંચી ગયો છે. આજના ટ્રેડિંગ સેસશનની સમાપ્તી બાદ બેંક નિફ્ટી ૦.૩૨ ટકા એટલે કે ૧૫૦.૬૫ વધારાસાથે ૪૬,૫૩૫.૫૦પરબંધથયુંહતું. આજે બેંક નિફ્ટીના કારોબારમાં સૌથી નીચી સપાટી ૪૬,૩૧૭.૭૦ અને સૌથી ઊંચી સપાટી ૪૬,૭૧૭.૪૦ પર જોવા મળી હતી. શેરબજારનો કારોબાર સોમવારે સારી નોંધ પર સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૨૮૧ પોઈન્ટ ઉછળીને ૭૨,૭૦૮ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૧ પોઈન્ટના વધારા સાથે ૨૨૧૨૨ના સ્તરે બંધ થયો હતો. શેરબજારમાં કોલ ઈન્ડિયા લિમિટેડના શેર ચાર ટકા તૂટ્યા જ્યારે લાર્સન એન્ડ ટુબ્રો ૧.૪ ટકા ઘટીને બંધ થયા. ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝના શેર, જે શેરબજારના ટોપ ગેઈનર્સમાં હતા, તે ત્રણ ટકા વધ્યા હતા જ્યારે બજાજ ફિનસર્વના શેર ૨.૮૧ ટકાના વધારા સાથે બંધ થયા હતા. સોમવારે શેરબજારના કામકાજમાં સારી ગતિ નોંધાઈ રહી હતી. શેરબજારના ટોપ ગેનર્સની યાદીમાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફિનસર્વ, બજાજ ઓટો, સિપ્લા, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક અને ડોક્ટર રેડ્ડીઝના શેર ત્રણ ટકાના વધારા સાથે સામેલ હતા. શેરબજારના ટોપ લુઝર્સની યાદીમાં કોલ ઈન્ડિયા, વિપ્રો, લાર્સન એન્ડ ટુબ્રો, એલટીઆઈ માઈન્ડ ટ્રી, એસબીઆઈ લાઈફ, એચડીએફસી લાઈફ અને હીરો મોટોકોર્પના શેરનો સમાવેશ થાય છે. શેરબજારમાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સિવાય તમામ ઈન્ડેક્સ લીલા નિશાનમાં બંધ થયા છે. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી બેંક, નિફ્ટી ઓટો, નિફ્ટી ફાર્મા, નિફ્ટી એફએમસીજી અને નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસ ઈન્ડેક્સમાં વધારો નોંધાયો છે.

### મહારાષ્ટ્રમાં એનડીએનો સમૂહ વધવાની શક્યતા

# રાજ ઠાકરેનો પક્ષ એનડીએ સાથે હાથ મિલાવે એવી શક્યતા

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

મહારાષ્ટ્રમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)નો સમૂહ વધુ વધી શકે છે. સૂત્રોએ જણાવ્યું છે કે, ટૂંક સમયમાં રાજ ઠાકરેની પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) એનડીએમાં સામેલ થઈ જશે. મુંબઈના બીજેપી અધ્યક્ષ આશિષ શેલારે એમએનએસઅધ્યક્ષ રાજ ઠાકરે સાથે મુલાકાત કરી અને કલાકથી વધુ સમય સુધી ચર્ચા કરી હતી. આ બેઠક બાદ અંદાજો લગાવવામાં આવી રહ્યો છે કે રાજ ઠાકરે ટૂંક સમયમાં મહાયુતિના



સાથી બની શકે છે. રાજ ઠાકરેને ટૂંક સમયમાં દિલ્હી બોલાવવામાં આવી શકે છે. તેઓ અહીં ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરશે.

આ અગાઉ ૧૫ ફેબ્રુઆરીના રોજ ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે લોકમતના કાર્યક્રમમાં કહ્યું હતું કે, તમને ટૂંક સમયમાં એ વાતની જાણ થશે કે, રાજ ઠાકરે સાથે આવશે કે નહીં. સમય જણાવશે કે, એમએનએસહવે ક્યાં હશે. રાજ ઠાકરે સાથે અમારી સારી મિત્રતા છે અને અમારી વચ્ચે બેઠકો થતી રહી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ ૯ માર્ચના રોજ નાસિક શહેરમાં પોતાની વર્ષગાંઠ ઉજવવાનો નિર્ણય કર્યો છે ત્યારે પાર્ટીના અધ્યક્ષ રાજ ઠાકરે રાજ્યભરના પદાધિકારીઓ અને પદાધિકારીઓની સભાને સંબોધિત કરશે. તેમનો ૭ માર્ચના રોજ મોડી સાંજે નાસિક પહોંચવાનો કાર્યક્રમ છે. ૮મી માર્ચે તેઓ પાર્ટીના પદાઅધિકારીઓની બેઠક કરશે.



ઉત્તર પ્રદેશમાં લખનૌ ખાતે યુપી ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના ચોથા ગ્રાઉન્ડબ્રેકિંગ સમારોહમાં રૂા. ૧૦ લાખ કરોડથી વધુ મૂલ્યના ઉત્તર પ્રદેશમાં ૧૪૦૦૦ પ્રોજેક્ટ લોન્ચ કર્યા.

### પાકિસ્તાનની ચૂંટણી મજાક બની ગઈ

# ભુટ્ટો-શરીફના જોડાણની અનિશ્ચિતતા વડાપ્રધાન પદ માટે ઈમરાન ફેવરિટ

## પીપીપીના અધ્યક્ષે ખુલાસો કરી દીધો છે કે મેં ગઠબંધન સરકારની ફોર્મ્યૂલા સ્વીકારવાની જ ના પાડી દીધી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૯ ।

પાકિસ્તાનમાં ચૂંટણી મજાક બનીને રહી ગઈ છે. પહેલાં હિંસક ચૂંટણી બાદ પરિણામોમાં ગરબડની વાત સામે આવી. હવે પરિણામ જાહેર થયા બાદ પણ કોઈ પાર્ટીની સરકાર રચાતી દેખાઈ રહી નથી જેના લીધે ફરી ચૂંટણી યોજાશે તેવી ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન ચોંકાવનારા અહેવાલ તો એ છે કે અત્યાર સુધી એવી વાત થઈ રહી હતી કે બિલાવલની પાર્ટી પીપીપી નવાઝ શરીફની પાર્ટી પીએમએલ-એન સાથે ગઠબંધન કરીને સરકાર રચી શકે છે પરંતુ હવે એ વાતને પણ બિલાવલ દ્વારા જ રદીયો આપી દેવાયો છે. ખરેખર



તો પાકિસ્તાન પીપુલ્સ પાર્ટી (પીપીપી) ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ખુલાસો કરી દીધો છે કે મેં ગઠબંધન સરકારની ફોર્મ્યૂલા સ્વીકારવાની જ ના પાડી દીધી છે. મને વડાપ્રધાન પદ ઓફર કરાયું હતું પરંતુ મેં તે પણ નથી સ્વીકાર્યું. હું ફક્ત પ્રજાના જનાદેશ પર જ આ પદ સ્વીકારીશ.

### પાકિસ્તાનમાં એક લગ્ન સમારંભમાં ગોળીબાર

# લાહોરમાં અંડરવર્લ્ડના ડોન આમીર બલાઝ ટીપુની ગોળી મારીને હત્યા

। (એજન્સી) લાહોર, તા.૧૯ ।

પાકિસ્તાનના લાહોરમાં અંડરવર્લ્ડ ડોન આમીર બલાઝ ટીપૂની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. બલાઝ એક લગ્ન સમારોહમાં હાજરી આપવા ગયો હતો ત્યારે તેના પર હુમલો થયો હતો. આ દરમિયાન હુમલાખોરે બલાઝ સહિત ત્રણ લોકો પર ગોળીબાર કર્યો હતો. ૨૦૧૦મા અંડરવર્લ્ડ ડોનના પિતાની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બલાઝના દાદા પણ લાહોરના અંડરવર્લ્ડ ડોન હતા. પાકિસ્તાની મીડિયા અનુસાર, લાહોરના ચુંગ વિસ્તારમાં લગ્ન સમારોહ દરમિયાન એક હુમલાખોર બલાઝ અને અન્ય બે લોકો પર ગોળીબાર કર્યો હતો. બલાઝની સુરક્ષા કરી રહેલા લોકોની જવાબી કાર્યવાહીમાં હુમલાખોરનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જો કે, હજુ હુમલાખોરની ઓળખ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અમીર



બલાઝ ટીપુ લાહોરનો અંડરવર્લ્ડ હતો. તેની ત્રણ પેઢીઓથી લાહોરમાં પ્રભુત્વ ધરાવે છે. બલાઝ ટ્રાન્સપોર્ટ બિઝનેસ ચલાવતો હતો. અમીર બલાઝ ટીપુના પિતા આરીફ આમિર ઉર્ફે ટીપુ ટ્રકનવાલા પણ ૨૦૧૦માં અલ્લામા ઈકબાલ એરપોર્ટ પર થયેલા હુમલામાં માર્યા ગયા હતા. બલાઝની હત્યા બાદ સમગ્ર વિસ્તારમાં તંગદિલીનો માહોલ છે. પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તપાસ હાથ ધરી છે.

### દિલ્હીમાં ભીષણ આગની ઘટનાનો વીડિયો સામે આવ્યો

# શાહબાદ ડેરી વિસ્તારમાં ભીષણ આગથી ૧૩૦ ઝૂંપડાં બળીને ખાક

## ઝૂંપડાઓમાં લાગેલી આગ એટલી ભયાવહ હતી કે દૂર દૂરથી આગની જ્વાળાઓ અને ધૂમાડો દેખાઈ રહ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દિલ્હીના શાહબાદ ડેરી વિસ્તારમાં ભીષણ આગની ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. આગમાં આશરે ૧૩૦ જેટલાં ઝુંપડા લપેટાઈ ગયા હતા. દિલ્હી ફાયરબ્રિગેડના જણાવ્યાનુસાર આ ઘટના રાતે આશરે ૧૦ વાગ્યે બની હતી. ઘટના સામે આવ્યા બાદ ફાયરબ્રિગેડની ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ ભીષણ હોવાને લીધે ૧૩૦ ઝુંપડા સળગી જતાં સેંકડો લોકો બેઘર થઈ ગયા હતા. તાજેતરમાં અલીપુર માર્કેટમાં પણ એક પેઈન્ટ ફેક્ટરીમાં આ જ રીતે ભીષણ આગની ઘટના બની હતી જેમાં સાંકળા વિસ્તારને કારણે મજૂરોને જીવ



બચાવવાનો મોકો પણ ન મળ્યો અને મૃતકોનો આંકડો ૧૧ને આંબી ગયો હતો. આગ એટલી ભયાવહ હતી કે દૂર દૂરથી આગની જ્વાળાઓ અને ધૂમાડો દેખાઈ રહ્યો હતો.



ન્યૂઝ બ્રિફ

## મિત્રને આપેલા ૧૦ હજાર રુપિયા પરત માંગતા હત્યા કરાઇ

। (એજન્સી) સુરત, તા.૧૯ ।

સુરત શહેરના ડિંડોલીમાં મિત્ર પાસે આપેલા ૧૦ હજાર રુપિયા પરત માંગતા હત્યાની ઘટના સામે આવી છે. શહેરના ડિંડોલીમા રહેતા ૨૨ વર્ષીય દેવદાસની તેના જ મિત્રોએ ભેગા મળી હત્યા કરી નાખતા ચકચાર મચી છે. મૃતક દેવીદાસ પાટીલે તેના મિત્રોને થોડા સમય પહેલા ૧૦ હજાર રુપિયા આપ્યા હતા. દેવીદાસ વારંવાર રુપિયાની માંગણી કરતો હતો. દેવીદાસ વારંવાર રુપિયા માંગવા છતા પૈસા ન આપતા મિત્રો વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. પૈસાની લેતીદેતીમાં ૪ આરોપીઓએ ભેગા મળી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા દેવીદાસનું મોત નિપજ્યું હતું. આ ઘટના મામલે પોલીસે પ્રાથમિક તપાસ કરી ચાર આરોપીની ધરપકડ કરી હતી. ચાર આરોપી આશુતોષ, ચેતન, અવિનાશની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસમાં મૃતક દેવીદાસ પણ પ્રોહિબિશન અને મારામારીની ઘટનામાં સંડોવાયેલો હતો તેમ સામે આવ્યું છે. પોલીસે ચાર આરોપીઓ આશુતોષ, ચેતન, અવિનાશ અને બાડા પાટીલની ધરપકડ કરી લીધી છે.

## SP કચેરીમાં ફરજ બજાવતા કર્મીનો આપઘાતનો પ્રયાસ

। (એજન્સી) મોડાસા, તા.૧૯ ।

સાબરકાંઠા SP કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીએ આપઘાતનો પ્રયાસ કર્યો છે. ત્રણ જેટલા લોકોએ કર્મચારીને નોકરીમાં પરેશાન કરી મુકવા માટે અરજીઓ કરીને હેરાનગતી કરી મુકી હતી. મુખ્યમંત્રી સુધી અરજીઓ કરીને સામાન્ય કર્મચારીને પરેશાન કરી મુકવાને પગલે આખરે કંટાળી જઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આપઘાતના પ્રયાસ પહેલા કર્મચારીએ મોબાઈલથી એક વીડિયો પોતાનો રેકોર્ડ કર્યો હતો. જેમાં પોલીસ કર્મચારીએ પોતાના પર ગુજારવામાં આવી રહેલા અસહ્ય ત્રાસને રડતા રડતાં જ વર્ણવ્યો હતો. ઘટનાને પગલે પોલીસે પણ હવે તપાસ હાથ ધરી છે. મોડાસા શહેરમાં રહેતા અને સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં ફરજ બજાવતા મહેશ નાયીએ અંતિમ પગલું ભરવાનો પ્રયાસ કર્યો હતો. કારમાં બેસીને એક વીડિયો રેકોર્ડ કર્યો હતો. જેમાં તેણે પોતાના ગુજારવામાં આવી રહેલા ત્રાસને વર્ણવ્યો હતો. જેમાં તેણે બતાવ્યુ હતુ કે છેલ્લા કેટલાક સમયથી પિતા-પુત્ર અને અન્ય એક શખ્શ એટી પટેલ ત્રાસ ગુજારી રહ્યા છે. અવારનવાર અરજીઓ કરીને તેને નોકરીમાં પરેશાન કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે. સામાન્ય પ્યૂનની ફરજ બજાવતા કર્મચારી સામે મુખ્યમંત્રી ઓનલાઈન સહિતની જગ્યાઓ પર અરજીઓ કરીને પરેશાન કરી મૂક્યો હતો.

# અમદાવાદ ખાતે સમૂહ લગ્નમાં ૧૨૦૦ નવ યુગલ નિકાહમાં બંધાશે, એક લાખથી વધુ મહેમાનોને ભોજન પિરસવાશે

### જામિયા ફૈઝાનુલ કુરાન દ્વારા ૧૦મું સમૂહ લગ્નું ૨૧મીએ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજન કરવામાં આવશે

। અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૨૧મી ફેબ્રઆરીએ ફૈઝાન ઓર્ગનાઈઝેશન દ્વારા ૧૦માં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવશે. પ્રવક્તા ઈનામુલ ઈરાકી જણાવ્યુ હતું કે, અગાઉ તેમણે ૯ સમૂહ લગ્નનો આયોજન કરી ચુકેલા છે આ તેમનો ૧૦મો આયોજ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯માં ૯માં સમૂહ લગ્નના આયોજનામાં સર્વ ધર્મ સમાજના યુગલોને સાત ફેરામાં તેમજ નિકાહમાં બાંધ્યા હતા.



**કુદરતી આપદા વખતો ગરીબોને સેવા પુરી પાડી**

દેશમાં કોઈપણ કુદરતી આપદા કે મુશીબત આવી હોય તો તે સમયે અમે કોઈપણ જાતિ કે ધર્મ જોયા વગર અમારી સંસ્થા મદદરૂપ થઈ, વર્ષ ૨૦૧૯ કોરાના કાળ દરમિયાન અમદાવાદમાં સરખેજ થી લઈને રાખીયાલ, નરોડા, બાપુનગર, વટવા, નારોલ જેવા વિસ્તારોમાં દરેક પ્રકારે ગરીબ નાગરીકોને મદદરૂપ અમારી સંસ્થા થઈ છે.

**૧૦મો માસ લગ્ન સમારોહ**

જામિયા ફૈઝાનુલ કુરાન, ફૈઝાન ઓર્ગનાઈઝેશનના પ્રવક્ત ઈનામુલ ઈરાકીએ આજે પ્રસના માધ્યમથી પત્રકારોને સંબોધતા જણાવ્યુ કે અમદાવાદમાં અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મુસ્લિમ સમાજનો સૌથી મોટો સમૂહ લગ્નો આયોજન ૨૧મી થવા જઈ રહ્યો છે. દાવો કરવામાં આવ્યો છે કે, આ ગુજરાતના મુસ્લિમ સમાજનો સૌથી મોટા સમૂહ લગ્ન છે. તેમાં ૧૨૦૦ યુગલ લગ્નના બંધને બંધાશે. સીએમ ભૂપેન્દ્ર પાટેલ સહિત કેટલાય મોટા નેતા ચીફ ગેસ્ટ છે. ચર્ચા છે કે, આ લગ્ન પર લગભગ કરોડનો ખર્ચ આવી રહ્યો છે, ઈશા ફાઉનડેશન સંસ્થા દ્વાર મળીને ઉપાડશે.

**એક લાખથી વધુ મહેમાનોનું ભોજન**

આ મુસ્લિમ ધર્મ નિશુલ્ક ૧૦મો માસ લગ્ન સમારોહ નામથી આ આયોજન થઈ રહ્યું છે. તેમાં એક લાખથી વધુ મહેમાન બનીને આવશે. અને તેમને ભોજન પણ પિરસવામાં આવશે. આ સૌથી મોટા લગ્નની તૈયારી ચાલી રહી છે. આયોજકોનું કહેવું છે કે, અમદાવાદ શહેરના ૫૦૦ યુગલ છે. જ્યારે બીજા ગુજરાતના ગ્રામિણ વિસ્તાર તેમજ અન્ય શહરોના થઈને ૧૨૦૦ યુગલો લગ્નના નિકાહ(વિવાહ)માં જોડાશે.

**અમદાવાદમાં સ્માર્ટ પાર્કિંગનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ**

## અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા મલ્ટી સ્ટોરેડ પાર્કિંગ બન્યા

### ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે એએમસી દ્વા હવે અમદાવાદમાં સ્માર્ટ પાર્કિંગનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદ શહેરમાં પાર્કિંગની સમસ્યાઓ દિવસે દિવસે ત્રાસ દાયક બનતી જઈ રહી છે. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા મલ્ટી સ્ટોરેડ પાર્કિંગ પણ બનાવ્યા છે તે પણ અમુક વિસ્તારમાં ફુલ થઈ જાય છે જ્યારે અમદાવાદના મહત્વના ગણાતા એવા એસ.જી હાઈવે અને સીજી રોડ પર પેડ પાર્કિંગની વ્યવસ્થા છે જેમાં અનેક વખત પાર્કિંગના કર્મચારીઓ સાથે વાહન ચાલકોની માથાકુટ થાય છે તેને ધ્યાનામાં લઈને AMC દ્વારા હવે અમદાવાદામં સ્માર્ટ પાર્કિંગનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. સ્માર્ટ પાર્કિંગનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યોઅમદાવાદ શહેરના સિંધુ ભવન રોડ પર AMC દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ પાર્કિંગનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યા છે. સ્માર્ટ પાર્કિંગ પ્રોજેક્ટની વાત કરવામાં આવે તો અમદાવાદમાં નિયત કરવામાં આવેલ કાર પાર્કિંગના સ્થળ પર ખાસ સેન્સર સાથેનો પ્રોજેક્ટ ઈન્ટોલ કરવામાં આવશે અને કાર ચાલક જ્યારે ગાડી પાર્ક કરે છે. ત્યારે ફરજીયાત ગાડીને સેન્સર પર લઈ જઈને ગાડી પાર્ક કરવાની રહેશે અને ૫ મિનિટ બાદ પાર્ક કરેલ ગાડીની નીચેનુ સેન્સર અપ થઈ જશે અને ગાડીનુ એક વ્હીલ લોક થઈ જશે. ત્યારબાદ કાર ચાલકને ગાડી પાર્કિંગ માંથી બહાર કાઢવા માટે પાર્કિંગ સ્લોટ પર રહેલુ સ્કેનર સ્કેન કરવાનુ રહેશે અને જેટલો સમય ગાડી પાર્કિંગમાં રાખી હશે તેટલુ પેમેન્ટ ઓનલાઈન કરવાનુ રહેશે. આમ કોન્ટેક્ટ લેન્સ પેમેન્ટની વ્યવસ્થા સ્માર્ટ પાર્કિંગ સિસ્ટમમાં કરવામાં આવી છે. હાલમાં અમદાવાદ શહેરના સિંધુ ભવન પર આવેલા ગોઢિલા ગાર્ડન ની બહાર પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે પરંતુ આવનારા દિવસોમાં અમદાવાદ શહેરમાં આશરે ૫૦ જેટલી જગ્યાઓ પર સ્માર્ટ પાર્કિંગની વ્યવસ્થા જોવા મળશે. આ પ્રોજેક્ટ માટે AMC દ્વારા ૫ કરોડ રૂપિયાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

**આરટીઓ વિસ્તાર પાસે ડિમોલેશન**

## સુભાષબ્રિજ નીચે રામજીભાઇની ચાલીના ૨૦૦ જેટલા મકાનો પર બુલડોઝર ફેરવી દેવાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

એક તરફ રાજ્યમાં જરૂરિયાતમંદોને ઘરનું ઘર મળવાના દાવાઓ કરાઈ રહ્યા છે. તેવામાં અમદાવાદના RTO પાસે જેલ રોડ બ્રિજ નીચે ૨૦૦ જેટલા મકાનો તોડી પાડવામાં આવ્યા છે. સુભાષબ્રિજ નીચે રામજીભાઈની ચાલીના ૨૦૦ જેટલા મકાનો પર ૧૫ ફેબ્રુઆરીએ બુલડોઝર ફેરવી દેવાયું હતું. ઉલ્લેખનીય છે કે, ૨ દિવસ ચાલેલી ડિમોલેશનની કામગીરી બાદ ૨૦૦થી વધુ પરિવારો રસ્તા પર રહેવા મજબુર બન્યા છે. ડિમોલેશન પહેલા કોઈ પણ પ્રકારની નોટિસ ન આપ્યાનો રહેવાસીઓએ આરોપ લગાવ્યો. આ ઉપરાંત બાળકોની બોર્ડની



પરીક્ષા દરમિયાન આ પ્રકારની કાર્યવાહીથી બાળકોના શિક્ષણ પર ગંભીર અસર થઈ રહી હોવાનો વાલીઓએ આરોપ લગાવ્યો છે. મહત્વનું છે કે, જે જગ્યા પર મકાનો તોડવમાં આવ્યા તે રામજીભાઈની ચાલીની જમીન રમણિક પટેલ નામના વ્યક્તિની હોવાની ચર્ચા છે. જે જમીન અંગે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે.

**ચૂંટણી બહિષ્કારની ચીમકી**

## પાલનપુરના લક્ષ્મીપુરા ફાટકને સ્થાને ઓવરબ્રિજની માંગ કરી છે

। (એજન્સી) પાલનપુર, તા.૧૯ ।

પાલનપુરના લક્ષ્મીપુરા ફાટકને લઈ સમસ્યા દૂર કરવા માટે સ્થાનિકોએ માંગ કરી છે. ફાટક બંધ થઈ જવાને લઈ સ્થાનિક લોકોએ ૧૦ કિલોમીટર લાંબો ફેરો કાપીને પાલનપુર આવવુ પડી રહ્યુ છે. જેને લઈ હવે સ્થાનિકો દ્વારા હવે લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. પાલનપુરમાં રેલવે ફાટકને લઈ લક્ષ્મીપુરાના સ્થાનિકો પરેશાન છે. અહીં રેલવે ઓવરબ્રિજ બનાવવા માટે સ્થાનિકોએ અનેકવાર રજૂઆતો કરી છે. આ દરમિયાન ફાટક બંધ થઈ જવાને લઈ સમસ્યા સર્જાઈ છે. સ્થાનિકોએ ફાટક બંધ થવાને લઈ



દશ કિલોમીટર લાંબો ફેરો કાપીને પાલનપુર આવન જાવન કરવી પડી રહી છે. સ્થાનિકોએ આ માટે સમસ્યા હલ કરવા ઓવરબ્રિજની માંગ કરી છે. રેલવે ઓવરબ્રિજ કરવામાં આવે તો સમસ્યાનું સમાધાન થઈ શકે છે. જોકે સ્થાનિકોની વાત સાંભળવામાં નહીં આવતો હોવાનો અહેસાસ થતા લોકો રોષે ભરાયા છે.

## ખેડા જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) નડિયાદ, તા.૧૯ ।

ખેડા જિલ્લા પંચાયત આરોગ્ય શાખા નડિયાદ દ્વારા ૧૫ ફેબ્રુઆરીના રોજ જિલ્લાની વિવિધ શાળાઓ અને આંગણવાડી ખાતે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ૧ વર્ષથી ૧૯ વર્ષની વયના તમામ બાળકોને આલબેન્ડેઝોલની ગોળી ખવડાવવામાં આવી. ઉપરાંત, ખેડા જિલ્લાના તમામ ૧૪ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૧૧ અર્બન હેલ્થ સેન્ટર્સ, ૩૧૬ પેટા સેન્ટરો અને તેમના સેજાના ૫૨૨ ગામોમાં પત્રિકાનું વિતરણ અને પોસ્ટરો, બેનરો ડીસ્પલે કરવામાં આવ્યા. તેમજ લાભાર્થીઓને રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની વિસ્તૃત સમજ આપવામાં આવી.

રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઉજવણી અંતર્ગત આરોગ્ય કર્મચારી, આશા, આંગણવાડી કાર્યકર, સુપરવાઈઝર તથા સ્વયંસેવક દ્વારા જિલ્લાના ૧ વર્ષથી ૧૯ વર્ષના બાળકોને માર્ગદર્શન માટે બૂથ બનાવવામાં આવેલ અને અંતરીયાળ વિસ્તારમાં કામગીરી કરવા



માટે મોબાઈલ ટીમ બનાવવામાં આવી હતી. આરોગ્ય ટીમ દ્વારા હવે બાકી રહેલ બાળકો માટે તા. ૨૨ મીએ મોપઅપ રાઉન્ડ યોજાશે અને આરોગ્ય ટીમ ગામના દરેક ઘરોની મુલાકાત લેશે. જો કૃમિનાશક ગોળી ખવડાવવામાં બાળક બાકી હશે તો સ્થળ પર જ ગોળી ખવડાવવામાં આવશે.

કૃમિનાશક ગોળી કૃમિથી થતા ચેપ સામે રક્ષણ આપે છે. કૃમિના ચેપથી બાળકોના સ્વાસ્થય પર લોહીની ઉણપ, કુપોષણ, ભૂખ ન લાગવી, બેચેની, પેટમાં દુઃખાવો ઉલ્ટી તથા ઝાડા, વજન ઓછુ થવુ જેવી અનેક હાનિકારક અસરો જોવા મળે છે.

**૩૮.૨ કિલોમીટર લાંબો બનશે સાબરમતી રિવરફ્રન્ટ**

## અમદાવાદથી ગાંધીનગર સુધી રિવરફ્રન્ટનું નિર્માણ કરાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદનો સાબરમતી રીવરફ્રન્ટ વાસણાથી ગાંધીનગરના સંત સરોવર સુધી કરવાનુ આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યુ. હાલના પ્રોજેક્ટની વાત કરવામાં આવે તો ડફનાળાથી ઈન્દીરાબ્રિજ સુધીના બન્ને બાજુ રીવરફ્રન્ટ બનાવવાની કામગીરી હાથમાં શરૂ કરવામાં આવી છે. જ્યારે ફેઝ-૨ પુર્ણ થયા બાદ ફેઝ-૩ની કામગીરી હાથમાં લેવામાં આવશે જેમાં ઈન્દિરા બ્રિજથી રીંગ રોડ સુધી જ્યાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની હદ લાગે છે ત્યાં સુધી અમદાવાદ મ્યુ. કોર્પોરેશન દ્વારા રીવરફ્રન્ટ તૈયાર કરવામાં આવશે. અને ત્યારબાદ ફેઝ-૪ અને ફેઝ-૫માં ગીફ્ટ સીટી સુધી અને ત્યારબાદ ગાંધીનગર સંત સરોવર સુધી રીવરફ્રન્ટ બનાવવામાં આવશે, આમ વિશ્વમાં બે શહેરોને જોડતો પ્રથમ અને લાંબો રીવરફ્રન્ટ અમદાવાદ-ગાંધીનગરમાં જોવા મળશે. અમદાવાદ શહેરની ઓળખ બનેલા સાબરમતી રિવરફ્રન્ટ હવે ગાંધીનગરની પણ ટુંક સમયમાં ઓળખ બનવા જઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરના ગીફ્ટ સીટીમાં વૈશ્વિક કંપનીઓને આમંત્રણ આપી રહી છે, અનેક વૈશ્વિક કંપનીઓ પોતાની ઓફિસ પણ તૈયાર કરી છે ત્યારે અમદાવદ એરપોર્ટથી ગાંધીનગર જવા VVIP ને જનરલ રોડ પરથી પસાર ન થવુ પડે અને થોડી ગણતરીની મિનિટોમાં ગીફ્ટ સીટી સુધી પહોંચી શકાયતે માટે વિશેષ વ્યવસ્થા સાથેનો રોડ પણ તૈયાર કરવામાં આવશે જેમાં અમદાવાદ રીવરફ્રન્ટની જેમ ટ્રાફિક સિગ્નલ, પોલીસ ચોકી સહિતની વ્યવસ્થા પણ રાખવામાં આવશે, ઉપરાંત આમ હવે કોઈ પણ VVIP ગણતરીની મિનીટો માંજ અમદાવાદ એરપોર્ટ થી ગિફ્ટ સીટી સુધી પહોચી શકે તે માટે સદર બજારથી ટોરેન્ટ બ્રિજ સુધી વિશેષ બ્રિજ પણ તૈયાર કરવામાં આવશે. આ માટે AMC દ્વારા ૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આમ અમદાવાદના રીવરફ્રન્ટ ના ફેઝ ૩ અને ૪ માં પશ્ચિમ ખાતે બાયોડાયર્વસીટી પાર્ક તથા યોગા સેન્ટર પણ તૈયાર કરવામાં આવશ, ઉપરાંત નદીના પુર્વ અને પશ્ચિમ કિનારે લોઅર પ્રોમીનાડમાં એટલે કે રીવરફ્રન્ટના નીચલા ભાગમાં ગ્રીન વોલ પણ તૈયાર કરવામાં આવશે.


**વિશેષ** બાળપણથી પોલિયોગ્રસ્ત સમતાબેન અને શેઠીયા પરિવારના જીવનમાં ઉર્ધ્વગામી બદલાવ આવ્યો

# ૧૨ વર્ષથી ભાડાના મકાનમાં રહેતા દિવ્યાંગ મહિલા સમતાબેન શેઠીયાને પી. એમ. આવાસ યોજનાએ આપ્યો ઘરના ઘરનો આધાર

। (માહિતી) સુરત ।

પોતાની માલિકીના ઘરનું સ્વપ્ન કોણ નથી જોતું? અને જો આ સપનુ પૂરું થઈ જાય તો તેનાથી વધુ ખુશીની વાત બીજી કોઈ ન હોય. ઘરવિહોણા પરિવારોને ઘરનું ઘર મળી રહે તે માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારે પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ છત્રછાયા પૂરી પાડી છે. મોંઘા શહેરી વિસ્તારોમાં રહેતા લોકો બે છેડા ભેગા કરે ત્યારે માંડ ઘર ખર્ચ નીકળે છે. તેમાય જો પરિવારના સભ્યને મોટી બિમારી આવી પડે તો મસમોટા ખર્ચમાં બધી બચત વપરાઈ જાય. તેવા સમયે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાખો લોકોના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે. આવા જ એક પરિવારને પી.એમ. આવાસ યોજનાએ છત્રછાયા પૂરી પાડી છે.





શેઠીયા પરિવારના સમતાબેનને સુરતના વેસુ પાસે ભરથાણા વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા દ્વારા નિર્મિત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વન બીએચકેનો ફ્લેટ મળતા ભાડાના મકાનમાંથી મુક્તિ મળી છે. ૧૨ વર્ષથી ભાડાના મકાનમાં રહેતા દિવ્યાંગ મહિલા સમતાબેન અને પરિવારને પી.એમ.આવાસ યોજનાએ ઘરના ઘરનો આધાર આપ્યો છે. મૂળ રાજસ્થાનના વતની ૪૩ વર્ષીય સમતાબેન પુખરાજ શેઠીયા બાળપણથી પોલિયોગ્રસ્ત હોવાથી વોકર વિના ચાલી શકતા નથી. પરંતુ દિવ્યાંગ હોવા છતાં નાસીપાસ થયા વિના તેઓના આસપાસના ઘરના બાળકોને ટ્યુશન કરાવીને પતિને ઘર ચલાવવામાં આર્થિક ટેકો આપી રહ્યા છે. તેમણે બી.કોમ.સુધીનો અભ્યાસ કર્યો છે. તેમના પતિ પુખરાજ કાપડ ઉદ્યોગમાં નોકરી કરે છે. ૧૧ વર્ષની પુત્રી અભ્યાસ કરે છે. સમતાબેન પ્રતિભાવ આપતા જણાવે છે કે, હું એક વર્ષની હતી ત્યારે પોલિયો થયો હતો. લગ્ન થયા બાદ સુરત આવ્યા ત્યારથી ભાડાના મકાનમાં રહેતા હતા. ભાડાના મકાનમાં રહેતા ત્યારે મકાન માલિકોના પોતાના નિયમો, પાણીના વપરાશ અને મહિનાની છેલ્લી તારીખે ભાડુ દેવામાં મોડુ થાય તો ટેન્શનમાં આવી જતા અને ઘણીવાર ઘર ખાલી કરવાની નોબત આવતી. એક દિવસે સમાચાર પત્રમાં જાહેરાત વાંચી કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ફોર્મ બેંકમાં મળે છે. યોજનાની જાણકારી મેળવી ત્યારે વિશ્વાસ ન્હોતો બેસતો કે, અમારા જેવા ગરીબ પરિવારોને આટલા નજીવા દરે સારા વિસ્તારમાં ઘર મળતું હશે??. પણ બેંકમાંથી ફોર્મ મેળવી જરૂરી ડોકયુમેન્ટ સાથે ફોર્મ જમા કર્યું. નિયત તારીખે પદાધિકારીઓ-અધિકારીઓની હાજરીમાં પારદર્શક રીતે કોમ્પ્યુટરાઈઝ ડ્રો થયો અને આવાસ મળ્યું ત્યારે અમારા આનંદનો પાર ન રહ્યો. અમે દર મહિને જે ભાડાની રકમ ચૂકવતા તે નાણામાં હવે લોનના હપ્તા ભરીએ છીએ. આવાસમાં ફાયર, સી.સી.ટી.વી. કેમેરા, લિફ્ટ, ગેસલાઈન, ૨૪ કલાક પાણી જેવી પાયાની સુવિધાઓની કોઈ કમી નથી. સુરત જેવા મોંઘા શહેરમાં અમારૂ ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ થતા માત્ર રૂ.૫.૫૦ લાખમાં તો ઘરના માલિક બન્યા છીએ. સુરતમાં વેસુ જેવા પોશ એરિયામાં જમીન-મકાનનો સૌથી વધુ ભાવ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, અમારા જેવા મધ્યમવર્ગીય પરિવારે દાયકાઓ સુધી સેવેલુ ઘરના ઘરનું શમણું કેન્દ્ર અને રાજ્ય સરકારે સાકાર કર્યું છે.

## ન્યૂઝ બોક્ષ





## વારાણસીથી અયોધ્યા જતી બસ ખાડામાં પલટી જતાં ૩૨ લોકોને ઈજા

। (એજન્સી) વારાણસી, તા.૧૯ ।

વારાણસીથી અયોધ્યા ધામ જઈ રહેલી દર્શનાર્થીઓથી ભરેલી એક બસ ત્રિલોચન મહાદેવ નજીક ભવનાથપુર ગામ નજીક બેકાબૂ થઈ જતાં ખાડામાં પલટી ગઈ હતી. આ દુર્ઘટના રવિવારે રાતે લગભગ એક વાગ્યે સર્જાઈ હતી. માહિતી અનુસાર આ બસ વારાણસીથી ઉપડી હતી અને તેમાં ૬૬ મુસાફરો સવાર હતા. જેમાંથી ૩૨ લોકો ઘવાયા હતા. બસમાં મધ્યપ્રદેશના શિવપુરીના મુસાફરો સવાર હોવાનો દાવો કરાયો છે. દુર્ઘટનામાં પાંચ લોકોની હાલત ગંભીર જણાવાઈ રહી છે જેમને બીએચયુ ટ્રોમા સેન્ટર ખાતે રિફર કરાયા હતા. બાકી અન્ય ઘાયલોને જોનપુરની જિલ્લા હોસ્પિટલમાં ખસેડાયા હતા.

### વડાપ્રધાન ઉત્તર પ્રદેશ પહોંચ્યા

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કલ્કી ધામ મંદિરમાં ભૂમિપૂજન

**શ્રી કલ્કી ધામ મંદિર પરિસર ૫ એકરમાં ફેલાયેલું હશે, તેનું નિર્માણ કાર્યક્રમ ૫ વર્ષમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું**



। (એજન્સી) લખનૌ, તા.૧૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશ પહોંચ્યા હતા. અહીં તેમણે કલ્કી ધામ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો. તેમની સાથે આ કાર્યક્રમમાં સીએમ યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પીએમ મોદીએ કલ્કી ધામ મંદિરમાં ભૂમિપૂજન કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને આચાર્ય પ્રમોદ કૃષ્ણમ હાજર રહ્યા હતા. આ મંદિરને શ્રી કલ્કી ધામ નિર્માણ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવશે જેના અધ્યક્ષ આચાર્ય પ્રમોદ કૃષ્ણમ છે. આ કાર્યક્રમમાં સામેલ થવા દેશભરમાંથી ૧૧૦૦૦ થી વધુ સાધુ સંતો સંભલ પહોંચ્યા હતા. અનેક ધાર્મિક નેતા અને અન્ય ગણમાન્ય વ્યક્તિઓ પણ મંદિર શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. શ્રી કલ્કી ધામ મંદિર પરિસર ૫ એકરમાં ફેલાયેલું હશે. તેનું નિર્માણ કાર્યક્રમ ૫ વર્ષમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. આ મંદિરનું નિર્માણ પણ બંસી પહાડપુરના ગુલાબી પથ્થરો વડે કરવામાં આવશે. સોમનાથ મંદિર અને અયોધ્યાનું રામમંદિર પણ બંસી પહાડપુરના પથ્થરોનું બનેલું છે. મંદિરનું શિખર ૧૦૮ ફૂટ હશે. જેમાં સ્ટીલ કે લોખંડનો ઉપયોગ નહીં કરવામાં આવે.

### કમલનાથના ભાજપમાં જોડાવાની અટકળોથી ગરમાવો

# રાહુલને મળ્યા બાદ કમલનાથ કોંગ્રેસમાં જ રહે તેવું અનુમાન

**કમલનાથે ભાજપમાં જોડાવાનો ઈનકાર કર્યાનો દાવો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથ ભાજપમાં જોડાવા હોવાની અટકળો વહેતી થયા બાદ બે દિવસથી રાજકારણમાં ખળભળાટ મચી રહ્યો છે. જોકે કમલનાથે ગઈકાલે તમામ અટકળોનો જવાબ આપતા કહ્યું હતું કે, 'જો આવું થશે તો બધાને ખબર પડી જશે, પરંતુ મારે હજુ સુધી કોઈની સાથે વાત થઈ નથી.' તેમના આ નિવેદન બાદ તેમણે 'કોંગ્રેસમાં જ હોવાનો અને ભાજપમાં હું નથી જ જવાનો' હોવાનું ભારપૂર્વક ન કહેતા હજુ પણ કોંગ્રેસ પર સંકટના વાદળો ઘેરાતા જોવા મળી રહ્યા છે. દરમિયાન તેઓ ભાજપમાં જોડાવા નથી, એવું સૂત્રોને ટાંકીને કહેવાઈ રહ્યું છે. જોકે તેમના પુત્ર નકુલનાથ અને કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપમાં સામેલ થઈ શકે છે. મીડિયા અહેવાલો અને કેટલીક રાજકીય અટકળો મુજબ કમલનાથની રાહુલ ગાંધી સાથે વાતચીત થઈ છે, જેમાં તેમણે પાર્ટીમાં જ રહેવાનો નિર્ણય કર્યો છે. અગાઉ કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'મારી કમલનાથ સાથે વાતચીત થઈ છે અને તેઓ આવો નિર્ણય લેવાના નથી.' મધ્યપ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જીતુ પટવારીએ કહ્યું કે, 'આ બધી અફવા છે અને તે માટે મીડિયા જવાબદાર છે. આ કમલનાથ વિરુદ્ધનું ષડયંત્ર છે. મેં તેમની સાથે વાતચીત કરી છે, જેમાં તેમણે કહ્યું કે, આ અટકળો માત્ર અફવા છે અને તેઓ કોંગ્રેસના છે અને કોંગ્રેસના જ રહેશે. તેઓ છેલ્લા શ્વાસ સુધી કોંગ્રેસની વિચારધારા સાથે કાયમ રહેશે.'

જોકે કોંગ્રેસ તરફથી નકુલનાથ અને કોંગ્રેસના ધારાસભ્યો અંગે કંઈપણ કહેવામાં આવ્યું નથી. જીતુ પટવારી અને દિગ્વિજય સિંહનું નિવેદનથી અલગ ખુદ કમલનાથે મીડિયાને આપેલા બે નિવેદનો જોઈએ તો સમજાશે કે, કમલનાથે ભાજપમાં જોડાવાની યોજના બનાવી હતી, પરંતુ તે શક્ય ન બની શકે, જોકે આ અટકળો છે.

જ્યારે મીડિયાએ કમલનાથને પૂછ્યું કે, શું તેઓ ખરેખર ભાજપમાં જઈ રહ્યા છે, તેમણે કહ્યું હતું કે, 'જો આવું થશે તો તેઓ સૌથી પહેલા મીડિયાને જણાવશે.' તેમના આ નિવેદનથી શું સમજવામાં આવે? તેઓ સ્પષ્ટ કેમ કહી રહ્યા નથી કે, હું ક્યાય જવાનો નથી, આ માત્ર અફવા છે. દિગ્વિજય સિંહે કહ્યું હતું કે, કોંગ્રેસે તેમને શું નથી આપ્યું ? તેઓ કોંગ્રેસ છોડીને જાય, તેવું ક્યારે ન બની શકે.

### ચંદીગઢમાં વિરોધ કરી રહેલા ખેડૂત સંગઠનો અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચેની બેઠક થઇ હતી

# મંત્રીઓ સાથેની બેઠક બાદ ખેડૂતોએ દિલ્હી ચલો કૂચ અટકાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ચોથા રાઉન્ડની વાતચીત બાદ પંજાબ કિસાન મજદૂર સંઘર્ષ સમિતિના મહાસચિવ સર્વન સિંહ પંઢેરે કહ્યું કે, ખેડૂતો ૨૧ ફેબ્રુઆરીએ 'દિલ્હી ચલો' કૂચ સાથે આગળ વધવાનું ચાલુ રાખશે. તેમણે એમ પણ કહ્યું કે, એમએસપી પર સરકાર દ્વારા પ્રસ્તાવિત પ્રસ્તાવ પર પણ ચર્ચા કરવામાં આવશે. સોમવારે ચંદીગઢમાં વિરોધ કરી રહેલા ખેડૂત સંગઠનો અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચેની બેઠકના સમાપન બાદ મીડિયાને સંબોધતા તેમણે આ વાત કહી. તમને જણાવી દઈએ કે હાલમાં ખેડૂતોએ દિલ્હી કૂચ અટકાવી દીધી છે.

ખેડૂત નેતાએ વધુમાં કહ્યું કે 'અમે આગામી બે દિવસમાં સરકારના પ્રસ્તાવ પર ચર્ચા કરીશું. સરકાર અન્ય માંગણીઓ પર પણ વિચાર કરશે. જો કોઈ પરિણામ નહીં આવે તો અમે ૨૧ ફેબ્રુઆરીના રોજ 'દિલ્હી ચલો' ચાલુ રાખીશું. તેમણે વધુમાં કહ્યું કે, સરકાર અને ખેડૂત સંગઠનો મુદ્દાઓનું સમાધાન શોધવાનો પ્રયાસ કરશે. સરવન સિંહ પંઢેરે વધુમાં કહ્યું કે, 'અમે સરકારના પ્રસ્તાવ પર ચર્ચા કરીશું અને તેના પર અભિપ્રાય લઈશું. આ અંગેનો નિર્ણય આજે સવારે, સાંજે કે પછી આવતીકાલે લેવામાં આવશે. મંત્રીઓએ કહ્યું કે, તેઓ અન્ય માંગણીઓ પર પછીથી



ચર્ચા કરશે. હું દિલ્હી પરત ફરી રહ્યો છુંપ ચર્ચા ૧૯-૨૦ ફેબ્રુઆરીએ થશે અને ૨૧ ફેબ્રુઆરીએ યોજાનારી 'દિલ્હી ચલો' કૂચનો નિર્ણય ચર્ચાના આધારે લેવામાં આવશેપ અમે (સરકાર અને ખેડૂત સંગઠન) સાથે મળીને પ્રયાસ કરીશું. સમસ્યાઓના ઉકેલો શોધો.

ચોથા રાઉન્ડની વાતચીત બાદ પંજાબ કિસાન મજદૂર સંઘર્ષ સમિતિના મહાસચિવ સર્વન સિંહ પંઢેરે કહ્યું કે ખેડૂતો ૨૧ ફેબ્રુઆરીએ 'દિલ્હી ચલો' કૂચ સાથે આગળ વધવાનું ચાલુ રાખશે. તેમણે એમ પણ કહ્યું કે એમએસપી પર સરકાર દ્વારા પ્રસ્તાવિત પ્રસ્તાવ પર પણ ચર્ચા કરવામાં આવશે. સોમવારે ચંદીગઢમાં વિરોધ કરી રહેલા ખેડૂત સંગઠનો અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચેની બેઠકના સમાપન બાદ મીડિયાને સંબોધતા તેમણે આ વાત કહી. સરવન સિંહ પંઢેરે વધુમાં કહ્યું કે, 'અમે સરકારના પ્રસ્તાવ પર ચર્ચા કરીશું અને તેના પર અભિપ્રાય લઈશું. આ અંગેનો નિર્ણય આજે સવારે, સાંજે કે પછી આવતીકાલે લેવામાં આવશે. મંત્રીઓએ કહ્યું કે તેઓ અન્ય માંગણીઓ પર પછીથી ચર્ચા કરશે. હું દિલ્હી પરત ફરી રહ્યો છુંપ ચર્ચા ૧૯-૨૦ ફેબ્રુઆરીએ થશે અને ૨૧ ફેબ્રુઆરીએ યોજાનારી 'દિલ્હી ચલો' કૂચ ચર્ચાના આધારે નક્કી કરવામાં આવશેપ અમે (સરકાર અને ખેડૂત સંગઠન) સાથે મળીને પ્રયાસ કરીશું. સમસ્યાઓના ઉકેલ શોધો. દરમિયાન, ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે કહ્યું કે, સરકારે અમને એક પ્રસ્તાવ આપ્યો છે.

જેનું નિરીક્ષણ અને સંચાલન બે સરકારી એજન્સીઓ કરશે. જગજીત સિંહે વધુમાં કહ્યું, 'અમે અમારા અન્ય સાથીદારો અને નિષ્ણાતો સાથે સરકારના પ્રસ્તાવ (એમએસપી પર) પર ચર્ચા કરીશું અને પછી, અમે કોઈ નિષ્કર્ષ પર પહોંચીશું. જ્યાં સુધી માંગણીઓ પૂરી ન થાય ત્યાં સુધી અમારી કૂચ ચાલુ રહેશે. અન્ય ઘણા મુદ્દાઓ પર વાતચીત માંગણીઓ પૂર્ણ કરવા માટે યોજવામાં આવશે.

### ચૂંટણી નજીક છે તેમ ઈન્ડિયા ગઠબંધનમાં ગાબડાં વધ્યાં

# મહેબૂબા મુફ્તીનો પક્ષ પણ હવે કાશ્મીરમાં અલગ ચૂંટણી લડશે

**પાર્ટીની સંસદીય સમિતિ ઉમેદવારોના નામની જાહેરાત કરશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।



લોકસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ઈન્ડિયાગઠબંધન મજબૂત થવાની જગ્યાએ વેરવિખેર થતું દેખાઈ રહ્યું છે. હવે જમ્મુ-કાશ્મીરમાંથી ઈન્ડિયાગઠબંધનને વધુ એક ઝટકો લાગ્યો છે. નેશનલ કોન્ફરન્સ (એનસી) બાદ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)એ પણ લોકસભા ચૂંટણીમાં અલગ ઉમેદવાર ઉતારવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીની સંસદીય સમિતિ ટૂંક સમયમાં ઉમેદવારોના નામની જાહેરાત કરશે. અગાઉ ફારુક અબ્દુલ્લાના નેતૃત્વ હેઠળની એનસીએ ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. પીડીપીની લોકસભા ચૂંટણીની તૈયારીઓઆ આકલન માટે કાશ્મીરમાં આયોજિત બેઠક બાદ પાર્ટીના વડા મહેબૂબા મુફ્તીએ કહ્યું કે અમારી પાર્ટી દેશમાં આગામી લોકસભા ચૂંટણી માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. ટૂંક સમયમાં રાજ્યમાં લોકસભા બેઠકો માટેના ઉમેદવારોના નામ નક્કી કરવામાં આવશે. મોહમ્મદ સરતાજ મદનીના નેતૃત્વમાં પાર્ટી સંસદીય બોર્ડ ટૂંક સમયમાં ઉમેદવારોની યાદીને અંતિમ રૂપ આપશે. પાર્ટીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અબ્દુલ રહેમાન વીરી, મહાસચિવ ડૉ. મહેબૂબ બેગ અને ગુલામ નબી લોન હંજુરા, અધિક મહાસચિવ આશિયા નકાશ, પૂર્વ મંત્રી નઈમ અખ્તર અને ઝહૂર અહેમદ મીર સહિત જિલ્લા પ્રમુખો, મતવિસ્તારના પ્રભારીઓ અને પ્રદેશ પ્રમુખો બેઠકમાં હાજર રહ્યા હતા.

### પોખરણમાં વાયુશક્તિ ૨૦૨૪ યુદ્ધાભ્યાસ દરમિયાનની ઘટના

# પાક.નું એફ-૧૬ ધ્વસ્ત કરનાર ભારતીય મિસાઈલ નિશાન ચૂકી

**પોખરણમાં વાયુશક્તિ ૨૦૨૪ યુદ્ધાભ્યાસ દરમિયાન રાફેલ ફાઈટર જેટમાંથી નીકળેલી માઈકા-આરમિસાઈલે સચોટ નિશાન તાક્યું**



। (એજન્સી) પોખરણ, તા.૧૯ ।

પોખરણમાં વાયુશક્તિ ૨૦૨૪ યુદ્ધાભ્યાસ દરમિયાન વાયુસેનાના તેજસ ફાઈટર જેટએ એક હવાઈ ટારગેટ તરફ આર-૭૩ મિસાઈલ ફાયર કરી હતી જે ટારગેટને ચૂકી ગઈ. જ્યારે રાફેલ ફાઈટર જેટમાંથી નીકળેલી માઈકાૈઆરમિસાઈલે સચોટ નિશાન તાક્યું હતું. હવે સવાલ એ ઊઠી રહ્યો છે કે શું આર-૭૩ મિસાઈલનો ઉપયોગ ભવિષ્યમાં ચાલુ રાખવો જોઈએ કે પછી તેની જગ્યાએ કોઈ અન્ય સ્વદેશી કે વિદેશી હથિયારનો ઉપયોગ શરૂ કરવામાં આવે. તેજસે આર-૭૩ મિસાઈલ ત્યારે ફાયર કરી હતી જ્યારે હવામાન પણ યોગ્ય હતું. ટારગેટ સામે જ હતું તેમ છતાં મિસાઈલ ટારગેટ ચૂકી ગઈ હતી. એવું લાગે છે કે તેનું ફ્યૂઝ ટ્રિગર થયું નહોતું. જોકે અસલ કારણ અત્યાર સુધી સામે આવ્યું નથી પણ આ મામલે તપાસ ખૂબ જ જરૂરી છે. સાથે જ એવી પણ ચર્ચા શરૂ થઈ છે કે તેજસ ફાઈટર જેટમાં આ મિસાઈલનો ઉપયોગ કરવો કે નહીં? એરફોર્સ પણ આર-૭૩ મિસાઈલની મર્યાદાઓથી વાકેફ છે. એવી માગ થઈ રહી છે કે તેજસ ફાઈટર જેટને એએસઆરએએએમથી લેસ કરવામાં આવે. જેથી ક્લૉઝ કોમ્બેટ દરમિયાન સચોટ નિશાન તાકી શકાય. જોકે એ પણ જાણવું જરૂરી છે કે આ જ આર-૭૩ મિસાઈલ વડે વિંગ કમાંડર અભિનંદન વર્ધમાને પાકિસ્તાનના એફ-૧૬ ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. આ મિસાઈલને ભારતમાં બનાવવાની તૈયારી ચાલી રહી હતી. હાલ તેને રશિયાની ટેક્ટિકલ મિસાઈલ કોર્પોરેશન બનાવે છે.

### ઉત્તર પ્રદેશના પ્રયાગરાજનું અનોખું રેલવે સ્ટેશન

# દયાલપુરાના લોકો રોજ ટિકિટ ખરીદી મુસાફરી નથી કરતા

**મુખ્ય રેલવે લાઇન પર કોઈ સ્ટેશન છે, તો ત્યાં દરરોજ ઓછામાં ઓછી ૫૦ ટિકિટ વેચાવી જોઈએ એવો નિયમ છે**

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૯ ।

ભારતીય રેલ્વેને દેશની લાઈફલાઈન કહેવામાં આવે છે. આ લાઈફલાઈન મારફતે દરરોજ લાખો લોકો મુસાફરી કરે છે. તમે ટિકિટ વિના મુસાફરી વિશે ઘણું સાંભળ્યું હશે. પરંતુ શું તમે ક્યારેય સાંભળ્યું છે કે લોકોએ ટિકિટ તો ખરીદે છે પણ મુસાફરી નથી કરી? જો નહીં, તો તમને એક એવા રેલવે સ્ટેશન વિશે જણાવીશું જ્યાં લોકો ટિકિટ ખરીદે છે પરંતુ મુસાફરી કરતા નથી. ઉત્તર પ્રદેશમાં એક એવું રેલવે સ્ટેશન છે જ્યાં લોકો ટિકિટ ખરીદવા છતાં મુસાફરી કરતા નથી. આ અનોખું રેલવે સ્ટેશન ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આવેલું છે. આ અનોખા રેલવે સ્ટેશનનું નામ દયાલપુર રેલવે સ્ટેશન છે. આ રેલવે સ્ટેશનની આજુબાજુના ગામોના લોકો દરરોજ રેલવે સ્ટેશન પરથી ટિકિટ ખરીદે છે અને મુસાફરી કર્યા વિના જ પાછા જાય છે. દયાલપુર રેલવે સ્ટેશનનું નિર્માણ કાર્ય ૧૯૫૪માં શરૂ થયું હતું. દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહર લાલ નેહરુએ તેને બનાવવામાં વિશેષ રસ દાખવ્યો હતો. પંડિત જવાહરલાલ




નેહરુએ તત્કાલીન રેલ્વે મંત્રી લાલ બહાદુર શાસ્ત્રીને દયાલપુર રેલ્વે સ્ટેશન બનાવવામાં મદદ કરવા વિનંતી કરી હતી. જો મુખ્ય રેલવે લાઈન પર કોઈ સ્ટેશન છે, તો ત્યાં દરરોજ ઓછામાં ઓછી ૫૦ ટિકિટ વેચાવી જોઈએ. તે જ સમયે, જો કોઈ સ્ટેશન બ્રાન્ચ લાઈન પર છે, તો ત્યાં દરરોજ ઓછામાં ઓછી ૨૫ ટિકિટ વેચાવી જોઈએ. આ માપદંડ પૂરો ન થતા વર્ષ ૨૦૧૬માં ભારતીય રેલવેએ દયાલપુર રેલવે સ્ટેશન બંધ કરી દીધું હતું. આથી આ રેલવે સ્ટેશન પુનઃસ્થાપિત કરવા સ્થાનિક લોકોએ ઘણી અરજીઓ કરીને તેને વર્ષ ૨૦૨૨ માં પુનઃસ્થાપિત કરાવ્યું હતું. આથી ત્યારથી સ્થાનિક લોકો સ્ટેશનને જીવંત રાખવા માટે દરરોજ સ્ટેશન પરથી ટિકિટ ખરીદે છે.

### ચંદીગઢમાં મેયરની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો

# આપના ત્રણ કાઉન્સિલર્સે પક્ષ પલટો કરતા નંબરગેમ બદલાઈ

**આપના ત્રણ કાઉન્સિલરોના આગમન સાથે હવે ભાજપ ના કાઉન્સિલરોની સંખ્યા વધીને ૧૭, ૧ એમપીનો વોટ છે**



। (એજન્સી) ચંદીગઢ, તા.૧૯ ।

આમ આદમી પાર્ટી અને કોંગ્રેસે ચંદીગઢ મેયરની ચૂંટણીમાં કથિત ગેરરીતિનો આરોપ લગાવી સુપ્રીમ કોર્ટની શરણ લીધી હતી. બંને પક્ષોએ ભાજપ સામે છેતરપિંડી કરીને ચૂંટણી જીતવાનો આરોપ લગાવ્યો હતો. હવે આ મામલે આજે ફરી સુનાવણી થવાની છે. સુનાવણી પહેલા ચંદીગઢના નવા ચૂંટાયેલા મેયર મનોજ સોનકરે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. આ સૌની વચ્ચે આપના ત્રણ કાઉન્સિલરો નેહા મુસાવત, ગુરચરણ કાલા અને પૂનમ દેવીના પક્ષપલટાથી ચંદીગઢ મેયરની ચૂંટણીનો આખો ખેલ બદલાઈ ગયો છે. આમ આદમીના ત્રણેય કાઉન્સિલરો રવિવારે ભાજપમાં જોડાયા હતા. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે અને પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અરુણ સૂદે તેમનું પાર્ટીમાં સ્વાગત કર્યું અને કહ્યું કે કાઉન્સિલરોને સંપૂર્ણ સન્માન મળશે અને તેમને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવશે.

આપના ત્રણ કાઉન્સિલરોના આગમન સાથે હવે ભાજપના કાઉન્સિલરોની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે, જ્યારે તેમની પાસે ૧ એમપી (ચંદીગઢના ભાજપએમપીકિરણ ખેર)નો વોટ પણ છે. આ ઉપરાંત તાજેતરમાં યોજાયેલી મેયરની ચૂંટણી દરમિયાન શિરોમણી અકાલી દળના એકમાત્ર કાઉન્સિલરે પણ ભાજપને સમર્થન આપ્યું હતું. એટલે કે ભાજપ પાસે હવે કુલ ૧૯ મત છે અને તે સંખ્યાની દૃષ્ટિએ સૌથી મોટી પાર્ટી બની ગઈ છે.

## તંત્રી લેખ...

# ભારત એક નહીં બે મેસેજિંગ એપ વિકસાવવામાં વ્યસ્ત

થોડા વર્ષો પહેલા, દેશની મલ્ટીમીડિયા મેસેજિંગ એપ્લિકેશન સંવાદનું નામ સમાચારોમાં હતું. તે સમયે એવું બહાર આવ્યું હતું કે ભારત તેની પોતાની મલ્ટીમીડિયા મેસેજિંગ એપ્લિકેશન તૈયાર કરી રહ્યું છે જે વપરાશકર્તાઓને WhatsApp જેવી સુવિધાઓ પ્રદાન કરશે. ભારત એક નહીં પરંતુ બે મેસેજિંગ એપ વિકસાવવામાં વ્યસ્ત છે. એક એપનું નામ સંવાદ જ્યારે બીજી એપનું નામ સંદેશ હતું. હવે સંવાદ એપને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. સંવાદ એપને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન એટલે કે ડ્ઢઇ્ઢં તરફથી લીલી ઝંડી મળી ગઈ છે. સંવાદ એપ ડીઆરડીઓની સુરક્ષા પરિક્ષા પાસ કરી છે. આ એપને ટ્રસ્ટ એશ્યોરન્સ લેવલ (TAL) ૪ માટે મંજૂરી આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે આ એપ સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ ટેલીમેટિક્સ દ્વારા બનાવવામાં આવી છે. સંવાદ એપનો ઉપયોગ એન્ડ્રોઈડ અને આઈઓએસ બંને પ્લેટફોર્મ પર થઈ શકે છે. DRDOએ સોશિયલ મીડિયા એપ X પર પોસ્ટ કરીને સંવાદ એપ વિશે મોટી માહિતી આપી. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે CDoT દ્વારા વિકસિત સંવાદ એપ DRDOની સુરક્ષા પરીક્ષણ અને ટ્રસ્ટ એશ્યોરન્સ લેવલ ૪ પાસ કરી ચૂકી છે. આ એપ એન્ડ્રોઈડ અને iOS પર એન્ડ ટુ એન્ડ સિક્યોરિટી સાથે યુઝર્સને વોઈસ અને ટેક્સ્ટ મેસેજિંગની સુવીધા આપે છે. તમને જણાવી દઈએ કે તમે સંવાદ એપનો પણ ઉપયોગ કરી શકો છો. આ માટે તમારે CDoTની સત્તાવાર વેબસાઈટ પર જઈને સાઇન અપ કરવું પડશે. સાઇનઅપ માટે ઘણી અંગત વિગતો ભરવાની રહેશે. આમાં તમારું નામ, ઈમેલ આઈડી, સરનામું, સંસ્થાનું નામ, મોબાઈલ નંબર વગેરે દાખલ કરો. આ પછી, તમારા ફોન નંબર પર એક OTP મોકલવામાં આવશે જે તમારે વેરિફાઈ કરવાનું રહેશે. જો કે, તે હજી સુધી સામાન્ય લોકો માટે બહાર પાડવામાં આવ્યું નથી. સીડીઓટીની વેબસાઈટ પરથી પ્રાપ્ત માહિતી અનુસાર, સંવાદના યુઝર્સને વન ઓન વન અને ગ્રુપ મેસેજિંગ જેવી મેસેજિંગની સુવિધા મળશે. આ સાથે યુઝર્સ WhatsAppની જેમ સંવાદમાં પણ કોલ કરી શકશે. આટલું જ નહીં, તમને વોટ્સએપ એપ્લિકેશનની જેમ સ્ટેટસ એડ કરવાનો વિકલ્પ પણ આપવામાં આવે છે. જો તમે કોઈ ફોટો, વીડિયો કે અન્ય કોઈ ડોક્યુમેન્ટ મિત્રો કે અન્ય કોઈ વ્યક્તિ સાથે શેર કરવા ઈચ્છો છો, તો તમને આ માટેનો વિકલ્પ પણ મળશે.

## ચારિત્ર્યવાન યુવા પેઢી રાષ્ટ્ર અને સમાજનું નિર્માણ કરે છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

### રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને કચ્છ યુનિવર્સિટીનો ૧૩મો પદવીદાન સમારોહ ભુજ ખાતે યોજાયો



। (માહિતી) ભુજ ।

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૩મો પદવીદાન સમારોહ મુક્તજીવન સ્વામીબાપા મહિલા કોલેજ ઓડિટોરિયમ ભુજ ખાતે યોજાયો હતો. ગુજરાતના રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં ૬૪૭૧ વિદ્યાર્થીઓને પીએચ.ડી, અનુસ્નાતક અને સ્નાતકની પદવી એનાયત કરાઈ હતી. ઉપરાંત, ૨૫ વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે ગોલ્ડમેડલ એનાયત કરીને રાજ્યપાલશ્રીએ શુભાશિષ આપ્યા હતા.

કચ્છ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, તમારા અથાગ પરિશ્રમનું પરિણામ આજે ડિગ્રી સ્વરૂપે પ્રાપ્ત થઈ રહ્યું છે. રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીને કહ્યું કે, ચારિત્ર્યવાન યુવા પેઢીનું ઘડતર ખૂબ જ જરૂરી છે કારણ કે, ચારિત્ર્યવાન યુવા પેઢી રાષ્ટ્ર અને સમાજનું નિર્માણ કરે છે. સત્યના પથ ઉપર ચાલવા, ધર્મનું આચરણ કરવા અને જીવનમાં પ્રમાણિકતાથી આગળ વધવા રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના લક્ષ્યાંકને હાંસલ કરવા તમામ યુવાનોએ નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવવી પડશે. સમાજ અને રાષ્ટ્રનું ભલું થાય તે દિશામાં કાર્ય કરવા રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને શીખ આપી હતી. જીવનમાં માતા-પિતા અને ગુરૂ પ્રત્યે સન્માન ભાવ રાખીને પોતાના જીવનનો ઉદ્ધાર કરવા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ સંશોધન ક્ષેત્રે આગળ વધીને સમાજ-દેશ તેમજ દુનિયાની વર્તમાન સમસ્યાઓનું નિવારણ લાવવા જણાવ્યું હતું. પ્રાપ્ત કરેલી વિદ્યાનો સદુપયોગ કરીને સમાજ અને દેશનો વિકાસ કરવા રાજ્યપાલશ્રીએ આહ્વાન કર્યું હતું. વિદ્યાર્થીઓને પદવીદાન નિમિત્તે રાજ્યપાલશ્રીએ જીવનમાં ખૂબ પ્રગતિ કરો એવા શુભાશિષ પાઠવીને મંગલ જીવનની કામના કરી હતી.

આ પ્રસંગે અતિથિ વિશેષ વરિષ્ઠ સાહિત્યકાર અને નિવૃત સનદી અધિકારીશ્રી વસંત ગઢવીએ વિદ્યાર્થીઓને 'કેર', 'કરેજ' અને કન્સિસટન્સીના ત્રિવેણી સંગમ સાથે જીવન ઘડતર કરવા સૂચન કર્યું હતું. શ્રી ગઢવીએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર કાજે પોતાની શક્તિઓનો ઉપયોગ કરવાનું આહવાન કરીને શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. મોહનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કચ્છ યુનિવર્સિટીમાં નવી શિક્ષા નીતિ મુજબનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન (પીએમ-ઉષા) અંતર્ગત કચ્છ યુનિવર્સિટીની પસંદગી થતાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા ઊભી કરવા ૨૦ કરોડ રૂપિયાનું અનુદાન મળતા શ્રી પટેલે આનંદની લાગણી વ્યક્ત કરી હતી. કચ્છ યુનિવર્સિટીને ઉત્કૃષ્ટ યુનિવર્સિટી બનાવવા સંશોધનની પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવામાં આવશે તેમ પણ કુલપતિશ્રીએ જણાવ્યું હતું.

કચ્છ યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. જી.એમ.બુટાનીએ રાજ્યપાલશ્રીની મંજૂરીથી પદવીદાન સમારોહનો પ્રારંભ કરાવ્યો હતો. યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી ડૉ. તેજલકુમાર શેઠ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ વિદ્યાશાખાના વડાઓ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ મેમ્બર્સ, પ્રોફેસર્સ અને કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, કર્મચારી ગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

**બાહ્ય પ્રકૃતિની રીતે જોઈએ તો અહીં ઋતુ પ્રમાણે આપણે વાસ્તવિકતા સ્વીકારવી પડે છે, અને અનુકૂળ થવું પડે છે**

# વાસ્તવિકતાનાં ત્રણેય દર્શનનો સહજ થઈ સ્વીકાર કરવાથી જીવન સરળ બને છે, એ નિતાંત સત્ય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આંતર પ્રકૃતિ હોય, કે બાહ્ય પ્રકૃતિ પરંતુ વાસ્તવિકતાને સહજ થઈ સ્વીકારીએ તો એ બહુ તકલીફ નથી, આપતી એ સત્ય છે**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એક કરતાં વધુ વ્યક્તિ ભેગા થાય એટલે સ્વાભાવિક રીતે કોઈ ને કોઈ મુદ્દે ચર્ચા થાય અને એમાં પણ નાગર એટલે બુદ્ધિશાળી! એટલે ચર્ચા કરે તો પણ એનું લેવલ થોડું ઊંચું હોય. તો એવી કેટલીય વાતચીત રોજ થઈ, દા.ત સાકાર બ્રહ્મ નિરાકાર બ્રહ્મ, આસ્તિક નાસ્તિક, એમ ક્યો માર્ગ આપણું જીવન સરળ બનાવી શકે? એવો એક પ્રશ્નાર્થ ચર્ચા નું મુખ્ય કેન્દ્ર રહ્યો. સૌ કોઈ પોતાપોતાના ક્ષેત્રે અવ્વલ હતાં એટલે બુદ્ધિ સિદ્ધ હોય ત્યારે શરણાગત ભાવ આવવો થોડો કઠિન છે. અંતે એવો નિષ્કર્ષ નીકળ્યો કે વાસ્તવવાદી જ પોતાનું જીવન સરળ બનાવી શકે, કારણ કે ત્યાં સહજ સ્વીકારની ભાવના હોય.તો આજે આપણે વાસ્તવિકતા શબ્દ પર થોડું ચિંતન કરીશું. વાસ્તવ શબ્દ પરથી વાસ્તવિકતા શબ્દ આવ્યો છે, વાસ્તવ એટલે હકીકત, અને હકિકત જે હોય તે સ્વીકારીએ અથવા તો જેમાં હકિકત દેખાય તેને વાસ્તવિકતા કહેવાય. વર્તમાન પરિસ્થિતિ સારી હોય કે ખરાબ, પણ તેનો સ્વીકાર કરીએ તો એ એટલી તકલીફ આપતી નથી. જેમ જીવનમાં સારી ઘડી આવે તો તેનો સહર્ષ સ્વીકાર થતો હોય છે, એ જ રીતે ખરાબ સમયને સહર્ષ નહીં પરંતુ સહજ રીતે સ્વીકાર કરતા આવડી જાય તો જીવન ઘણું સરળ બને, અને એણે વાસ્તવિકતાનો સામનો કર્યો એમ કહી શકાય. વાસ્તવિકતા નાં ત્રણ દર્શન છે. દરેક જીવની પોતાની વ્યક્તિગત પોતાની વાસ્તવિકતા હોય, અને એનો એને સામનો કરવો પડે છે, અને તેમાં સંતુલન પણ કરવું પડતું હોય છે. દરેકને પોતાનું કર્તવ્ય કર્મ હોય છે, અને તે મુજબ તેને જીવવાનું હોય એ તેની પ્રથમ વાસ્તવિકતા છે. એટલે કે, દાખલા તરીકે સમાજમાં સ્ત્રી છે, તો તેણે લગ્ન કરીને પતિના ઘરે જવાનું છે,એ એના જીવનની પ્રથમ વાસ્તવિકતા છે, અપવાદ હોઈ શકે, પરંતુ અપવાદ એ નિયમ બનાવી શકે નહીં. એ જ રીતે પુરુષ છે, તો એના ખભે પરિવારના આર્થિક પોષણની જવાબદારી આવે, અને એ તેનાં જીવનની પ્રથમ વાસ્તવિકતા છે. આજકાલ સ્ત્રીઓ પણ આ કાર્ય કરી રહી છે, પરંતુ મુખ્ય જવાબદારી પુરુષની આપણે ત્યાં ગણવામાં આવી છે. એ જ રીતે બાળકથી યુવાન બને ત્યાં સુધી તેણે પોતાનું જીવન એટલે કે કારકિર્દી બનાવવાની છે, એ એના જીવનની પ્રથમ વાસ્તવિકતા છે. વૃદ્ધ પોતાની શરીર અવસ્થા મુજબ તેમાંથી પોતાને અનુકૂળ આવે એ રીતે દરેક કર્મ કરી જીવે, એ તેના જીવનની પ્રથમ વાસ્તવિકતા છે, એટલે કે ઈન્દ્રિય શીથિલ થાય એ સ્વીકારવું એ તેના જીવનની વાસ્તવિકતા છે. આમ દરેકે દરેક જણને આ વાસ્તવિકતાનો ક્યાંકને ક્યાંક તો સ્વીકાર કરવો જ પડે છે. ક્યારેક સમય કે કાળની વાસ્તવિકતા પણ જીવે સ્વીકારવી પડે, અને વાસ્તવિકતાને પણ સારી અને ખરાબ બંને બાજુ હોય છે. સમયની એરણે આપણા જીવનની ઘડી ચડે અને ટીપાઈને જેમ લોઢું નરમ બને, તેમ ક્યારેક વાસ્તવિકતા આપણને મૃદુ પણ બનાવે છે, અને એ જરૂરી પણ છે. આઝાદી જેવી દુર્લભ ઘટના પરથી જોઈ શકાય છે કે ઘણીવાર વાસ્તવિકતાનો સ્વીકારથી ઈતિહાસ પણ બનતા હોય છે. ટૂંકમાં કહીએ તો વાસ્તવિકતાનો સ્વીકાર સહજ થઈને કરવામાં આવે, તો એ જીવનને સરળ અને મધુર બનાવનાર છે. ક્યાંક ક્યાંક તેનો અસ્વીકાર એ જે તે વ્યક્તિને વિદ્રોહી પણ બનાવે છે. પરંતુ મનોમંથન કરવાથી એ સિદ્ધ થાય છે, કે જે પરિસ્થિતિને આપણે બદલી શકવાના નથી, તેનો સ્વીકાર કરવામાં જ આપણું અને સૌનું ભલું છે. એટલે સાવધાની કે સાવચેતી ન રાખવી એવી અહીં વાત નથી, કે પછી આળસુ, કે નિષ્ક્રિય બનવું એવી વાત પણ નથી. પરંતુ આપણા જીવનની જે કોઈ વાસ્તવિકતા હોય તેને સ્વીકારી લેવાથી, સમસ્યામાં ઘણીવાર સમાધાન પણ મળતા હોય છે. અને આમ જુઓ તો ન સ્વીકારવાની વાત એ, જે તે વ્યક્તિના અહમ, આગ્રહ, કે જીદ, જ છે, અથવા તો એમ પણ કહી શકાય કે અજ્ઞાન કે જાગૃતિના અભાવથી આવું થતું હોય છે. બાહ્ય પ્રકૃતિની રીતે જોઈએ તો અહીં ઋતુ પ્રમાણે આપણે વાસ્તવિકતા સ્વીકારવી પડે છે, અને અનુકૂળ થવું પડે છે. એટલે કે શિયાળો હોય તો એને સ્વીકાર્યા વગર ચાલતું નથી, પરંતુ તેને સ્વીકારીને જેમ સ્વેટર, ટોપી, અને સ્લીપર પહેરી ફરતા હોઈએ છીએ, ઉનાળો હોય તો તાપથી બચવાના ઉપાયો શોધીએ છીએ, અને વરસાદમાં છત્રી, રેઈનકોટનો સહારો લઈએ છીએ, એ રીતે વાસ્તવિકતાનો માર્ગ પણ નીકળી શકે. પરંતુ તેને ક્યાંક ને ક્યાંક તો સ્વીકારવી પડે જ. એટલે આંતર પ્રકૃતિ હોય, કે બાહ્ય પ્રકૃતિ પરંતુ વાસ્તવિકતાને સહજ થઈ સ્વીકારીએ તો એ બહુ તકલીફ નથી, આપતી એ સત્ય છે.વાસ્તવિકતાનું ત્રીજુ દર્શન ઈશ્વર છે, એટલે કે ઈશ્વરે આપણા જીવનમાં જે કંઈ નિર્માણ કર્યું હશે, તેને આપણે સ્વીકાર્યા વગર ચાલવાનું નથી. આપણે લાખ નાસ્તિક હોવાની ઘોષણા કરીએ, તોય પ્રકૃતિમાંથી જીવવા માટે ઓક્સિજન લીધા વગર ચાલે તે નથી, અને એ ઓક્સિજન બનાવનાર અંતે તો ઈશ્વર જ છે. એટલે ક્યાંક ને ક્યાંક તો આપણે તેને સ્વીકારવો જ પડે. ખોરાકને નામે પણ આપણે પ્રાકૃતિક તત્વ ગ્રહણ કરતા હોઈએ છીએ, તો એ પણ અંતે ઈશ્વરને કારણે જ છે. પરિવારનો પ્રેમ પણ જીવન જીવવા માટે એટલો જ જરૂરી છે, અને એ પરિવાર પણ પ્રકૃતિ અને ઈશ્વરની જ દેન છે. આમ વાસ્તવિકતાનો સ્વીકાર જીવને કરવો જ પડે, પછી તે સારી હોય, કે ખરાબ, એ તેના જીવનનો એક હિસ્સો બની છેક સુધી તેની સાથે ચાલે છે, એટલે વાસ્તવિકતાને જો મિત્ર બનાવી દેવામાં આવે, તો ખરેખર જીવન સરળ અને મધુર બને છે. દાખલા તરીકે દરેક તેના ભાગે આવતા કર્તવ્યકર્મની વાસ્તવિકતા સહજ થઈ સ્વીકારે, તો પણ સમાજમાં ઘણી શાંતિ રહે. ઉપરાંત આપણા જીવનની જેમ વાસ્તવિકતા છે, અને તેમાંથી આપણે માર્ગ કાઢીએ છીએ, તેમ અન્યના જીવનની પણ કોઈ અલગ વાસ્તવિકતા હોય, અને તેમાંથી તે પણ કોઈ માર્ગ કાઢી શકે, એ સત્ય અરસ-પરસ સ્વીકારાય, તો જ સમાજમાં વિકાસ દેખાય શકે.પરંતુ આપણી ભૂલ ત્યાં થઈ, કે આપણે જરૂરિયાતને સ્વીકારી પરંતુ,વાસ્તવિકતાની જરૂરિયાત વિશે વિચાર્યું નહીં. થોડું અઘરું છે પણ છે સત્ય, હકીકત એ હતી કે જીવને જીવવા માટે હવા, પાણી, અને ખોરાક જોઈએ, અને એ એના જીવનની પ્રાથમિક વાસ્તવિકતા હતી. પરંતુ એ આજે ક્યાં આગળ પહોંચી છે, એ આપણે સૌ જાણીએ છીએ, જે ખરેખર જરૂરી ન હતું તેને અપનાવ્યું, અને વાસ્તવિકતાથી સતત દૂર ગયાં,કે ભાગ્યા તેનું પરિણામે અશાંતિ છે. તો સૌ પોતાના જીવનની વાસ્તવિકતાને સહજ થઈ સ્વીકારે, અને તેનાથી આંતર બાહ્ય બંને પ્રકૃતિમાં દુર્ભાવ ન વધે એવો માર્ગ શોધીને જીવન જીવીએ, અમુક વાસ્તવિકતા સમય પ્રમાણે બદલાતી હોય છે,જેમ કે ગઈ કાલે વિજ્ઞાન ની આટલી શોધ નહોતી અને આજે એ આકાશને આંબી ગયું છે, તો એજ રીતે ઘણીવાર ધીરજ ધરવાથી પણ પરિસ્થિતિ અનુકૂળ થઈ જાય છે.આપણે સૌ આપણા જીવનની પ્રાથમિક વાસ્તવિકતા સ્વીકારીને, અન્ય નાની મોટી પરિસ્થિતિમાં સહજ થઈ જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**જેનો સ્વભાવ મધુર હોય છે તેનું જીવન પણ મધુર બને છે, તેથી તમારા સ્વભાવ ને નરમ બનાવો જેથી તમારું સમગ્ર જીવન મધુરતાથી ભરાઈ જાય**

# ચહેરાની સુંદરતા પ્રકૃતિ પર નિર્ભર કરે છે પણ પ્રકૃતિની સુંદરતા તમારા વલણ પર આધારિત છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મહા શિવરાત્રી પર્વની ભારે તૈયારીઓ શરૂ થઈ છે હરહર ભોલે મહાદેવ ના નાદ ગુંજી ઉઠશે**

સાધના મનને કાબૂમાં રાખવાની છે. જેનું મન નિયંત્રણમાં નથી તે લાચાર છે. શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે આ મન ખૂબ ચંચળ છે, સ્વાર્થી સ્વભાવ ધરાવે છે, બળવાન અને બળવાન છે. તેથી તેને રોકવું એ હવાને રોકવા જેવું છે. મન ક્યારેય સંતુષ્ટ થતું નથી કે એક ક્ષણ પણ મૌન રહેતું નથી. તે વંચિતતા અને દુઃખ તરફ વારંવાર ધ્યાન દોરતું રહે છે. થોડું ઓછું માન મળવાથી કોઈ પણ કારણ વગર અપ માનની લાગણી થાય છે. તે મન છે જે વ્યક્તિને માન અને અપમાનની જાણ કરે છે. વિક્ષેપ બીજે ક્યાંયથી આવતો નથી, તે અંદરથી આવે છે, તેનો જન્મદાતા મન છે. જેણે પોતાના મનમાં નિપુણતા મેળવી છે તે ઋષિ છે.આ મનને સતત અભ્યાસ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. જે અંદર શાંત છે તેને બહાર પણ સર્વત્ર શાંતિ છે. સતત અભ્યાસ દ્વારા મનને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરો કારણ કે જે મન ગુમાવે છે તે બધું ગુમાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ એ બહુ પરીમાણીય વ્યક્તિત્વનો ભંડાર છે. એક બાજુ તેઓ વંશીધર છે અને બીજી બાજુ તેઓ ચક્રધાર છે, એક બાજુ તેઓ માખણ ચોર નારા છે અને બીજી બાજુ તેઓ બ્રહ્માંડને ખવડાવનારા છે.એક તરફ તે બનવારી છે અને બીજી બાજુ તે ગિરધારી છે,એક બાજુ તે રાધારમણ છે અને બીજી બાજુ તે રૂકમણીનું અપહરણ કરનાર છે. ક્યારેક શાંતિના દૂત, ક્યારેક ક્રાંતિ ના દૂત, ક્યારેક માતા યશોદાના પુત્ર તો ક્યારેક માતા દેવકીના પુત્ર. ક્યારેક યુદ્ધના મેદાનમાંથી ભાગી જવાની ક્રિયા, તો ક્યારેક હજાર માથાવાળા નાગના માથા પર નાચવાનું. નિર્ભયતાથી જીવન જીવવાનું નામ કૃષ્ણ છે. ભગવાન શ્રી કૃષ્ણએ જીવનને સંપૂર્ણ રીતે સ્વીકારવાનો પાઠ શીખવ્યો. શ્રી કૃષ્ણનું જીવન આપણને પરિસ્થિતિઓથી ભાગવાનું નહીં પરંતુ હિંમતભેર સામનો કરવાનું શીખવે છે. ભગવાન શ્રી કૃષ્ણ મહાન કર્મયોગી હતા,તેમણે અર્જુનને સમજાવ્યું કે હે અર્જુન! સંમત છું કે કામ થોડું દુઃખદાયક છે પણ કામ કર્યા વિના સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. જો કોઈ ક્રિયાનો હેતુ શુદ્ધ અને શુભ હોય તો તે ક્રિયા સત્કર્મ બની જાય છે. જ્યારે પણ જીવ પ્રસન્ન થાય છે. ત્યારે જ જન્મ અને મરણનો નાશ થાય છે. તમે સારા,ખરાબ, ઉમદા,દુષ્ટ, પાપી,પુણ્યશાળી અથવા તમે ગમે તે હો,ફક્ત તે ભગવાન તરીકેજીવો જો તમે તમારી નબળાઈઓ વિશે વધુ પડતું વિચારશો, તો તમે એક હીનતા સંકુલ વિકસાવશો અને જો તમે તમારા સારા કાર્યો અને ગુણો વિશે વધુ પડતી વાત કરશો, તો તમારા માં અહંકારી લાગણીનો વિકાસ થશે.વાસ્તવિકતા એ છે કે જીવમાં કોઈ શક્તિ નથી. જીવનમાં જે કંઈ પ્રાપ્ત થાય છે તે ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. ગોવિંદની કૃપાથી જ વાસના, ક્રોધ અને કામુકતામાંથી મુક્ત થઈ શકે છે અને તેની કૃપાથી જ માયા પર વિજય પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં પ્રભુના ચરણો પ્રત્યેનો આપણો પ્રેમ સતત વધતો રહે, સંતોની વાતોમાં આપણો વિશ્વાસ વધે અને પ્રભુની કથાઓ પ્રત્યે આપણો પ્રેમ વધે તે માટે આપણે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. તમે પ્રભુનો સામનો કરવામાં મોડું કરો છો,તો તેને જેમ બને તેમ પ્રભુ પર છોડી દો. ભગવાન બધું સંભાળશે. એવા કામ ન કરો કે તમારે બીજા ની નજરથી પડવું પડે કારણ કે પહાડ પરથી પડ્યા પછી તમે ફરી ઊભા થઈ શકો છો પણ આંખો માંથી પડ્યા પછી ઊઠવું આસાન નથી. જેમ મહેલ બનાવવામાં વર્ષો લાગે છે, પરંતુ તેને નષ્ટ કરવા માટે એક ક્ષણ પૂરતી છે.એ જ રીતે, ચારિત્ર્ય ઘડવામાં વર્ષો લાગે છે પણ પાત્રને ઘડવામાં માત્ર એક ક્ષણ લાગે છે. દરેક કાર્ય કરતા પહેલા તેના પરિણામો વિશે વિચારવું એ બુદ્ધિ શાળી લોકોની નિશાની છે. અને કાર્યપૂર્ણ થયા પછી પરિણામ વિશે વિચારવું મૂર્ખતા છે.સમજી વિચારીને અને શાંત ચિત્તે લીધેલા નિર્ણયો. સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે, પરંતુ જો સારા સ્વભાવની ઉણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી. ચહેરાની સુંદરતા પ્રકૃતિ પર નિર્ભર કરે છે પણ પ્રકૃતિની સુંદર તા તમારા વલણ પર આધારિત છે. જ્યારે ચહેરાની સુંદરતા માત્ર આંખોમાં પ્રતિબિંબિ ત થાય છે, ત્યારે પ્રકૃતિની સુંદરતા હૃદય સુધી પહોંચે છે. માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર,શહેર,દેશ,મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ સ્વભાવ બદલી શકતો નથી. જીવનનું સત્ય એ છે કે માણસ પોતાના સ્વભાવથી સુખી કે દુઃખી થાય છે. સારો સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે, જ્યારે ખરાબ સ્વભાવ વ્યક્તિને કોઈના દિલમાં ઉતારી દે છે. વાચક ચાહક મિત્રો, લગ્નસરાની મોસમ પુર જોશમાં જામી છે.મહા શિવરાત્રી પર્વની ભારે તૈયારીઓ શરૂ થઈ છે હરહર ભોલે મહાદેવ ના નાદ ગુંજી ઉઠશે. ભાંગનો પ્રસાદ થશે. વાતાવરણમાં હળવી ઠંડી ગરમીનો અનુભવ શરૂ થઈ ગયો છે સદા શિવ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

---

**નવી હર્બલ દવા તૈયાર કરવામાં આવી જે કિડની પથરીને નષ્ટ કરશે...**

# કિડની અને યુરિનરી ટ્રેક્ટની પથરી હવે સસ્તામાં દુર થશે

**નવી તૈયાર કરવામાં આવેલી હર્બલ દવા પાંચ ઔષધિઓને મિક્સ કરીને તૈયાર કરવામાં આવી છે : જેથી તેની કિંમત એક રૂપિયો રખાઇ છે**

નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ બોટનિકલ રિસર્ચ દ્વારા હવે એવી હર્બલ દવા બનાવવામાં સફળતા હાંસલ કરવામાં આવી છે જેના કારણે કિડની અને યુરિનરી ટ્રેક્ટની પથરીના કદને ઘટાડીને તેને નષ્ટ કરવામાં ઉપયોગી સાબિત થશે. સંસ્થાના નિર્દેશક પ્રોફેસર એસકે બારિકે કહ્યુ હતુ કે સામાન્ય રીતે એલોપેથિક અને આયુર્વેદિક દવામાં ૧૮-૨૦ પ્રકારના ફોર્મ્યુલેશન હોય છે. પરંતુ આ દવા પાંચ સરળતાથી ઉપલબ્ધ બને તે પ્રકારની ઔષધિને મિક્સ કરીને તૈયાર કરવામાં આવી છે. જેના કારણે તેની કિંમત એક રૂપિયા પ્રતિ ગોળી રાખવામાં આવી છે. આ સંસ્થાના ફાર્માકોગ્નાસી વિભાગના પ્રિન્સિપાલ વૈજ્ઞાનિક શરદ શ્રીવાસ્તવનુ કહેવુ છે કે સામાન્ય રીતે નાના કદની પથરી તો પોતાની રીતે જ યુરિનમાં નિકળી જાય છે પરંતુ છ એમએમ અથવા તો તેના કરતા મોટી પથરીને દુર કરવા માટે સર્જરી કરવી પડે છે. દવાને દિવસમાં બે વખત લેવાથી પથરીનુ કદ ઘટી જાય છે. આના કદને ઘટાડી દેવામાં આશરે ૧૦ દિવસનો સમય લાગે છે. આ ફાર્માકોગ્નાસી વિભાગના ડોક્ટર અંકિતા મિશ્રાએ કહ્યુ છે કે સામાન્ય રીતે પથરી કિડની અથવા તો યુરિનરી ટ્રેક્ટની સેલ સાથે ચોંટી જાય છે. જેના કારણે ઘા પેદા કરે છે. તેમનુ કહેવુ છે કે દવા પથરીને એવા કદમાં ફેરવી દેવામાં સફળ રહે છે જેના કારણે શરીરના અંદરના ભાગને ચોંટી શકે નહીં.

આ દવા પથરી કાઢવા માટે થયેલી સર્જરીથી નુકસાનગ્રસ્ત કોર્ટિયલ ટિશ્યુને પણ મજબુત કરે છે. જે મહિલા યુરિનરી ટ્રેક્ટ ઈન્ફેક્શનની સમસ્યાથી ગ્રસ્ત છે તે પણ આનો ઉપયોગ કરી શકે છે. દવાની સેફટી અને ટોક્સિસિટીની તપાસ ઈઆઈટીઆરમાંથી ડોક્ટર વિકાસ અને હાફીઝ દ્વારા કરવામાં આવી છે. આ દવાના માનવી પર ઉપયોગ માટે ડ્રગ કન્ટ્રોલ ઓફ ઈન્ડિયા પાસેથી મંજુરી માંગવામાં આવી છે. મંજુરી મળી ગયા બાદ કેજીએમયુના યુરોલોજી વિભાગના ડોક્ટર શંખવાર અને સલિલ ટંડન દ્વારા તેને લઈને માનવી ટ્રાયલ કરનાર છે. ત્યારબાદ આ દવાનો ઉપયોગ કરી શકાશે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચિંતાજનક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૭ ટકા શહેરી ભારતીયો કિડનીના રોગથી ગ્રસ્ત છે. ડાયાબિટીસ અને હાઈપર ટેન્શનના કેસો શહેરી ભારતમાં વધી રહ્યા છે. ૧૨ શહેરોને આવરી લઈને કરાયેલા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે દરેક ૧૦૦ લોકો પૈકી ૧૭ લોકો કિડનીના રોગથી ગ્રસ્ત થયેલા છે જે પૈકી છ ટકા લોકો તબક્કા ત્રણ કિડની રોગમાં પહોંચે છે જેમાં તબીબી સારવાર અતિ જરૂરી બની જાય છે. કેટલાક કેસોમાં ખૂબ જ ખર્ચાળ સારવાર જેમ કે ડાયાલિસીસ અથવા ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. અભ્યાસમાં ૧૩ હોસ્પિટલ પાસેથી આંકડા લેવામાં આવ્યા છે જેમાં ખાનગી અને સરકારી હોસ્પિટલનો સમાવેશ થાય છે. દેશમાં કિડનીના રોગ અંગે સૌથી મોટા અભ્યાસના ભાગરૂપે આ અંગેનો દાવો કરવામાં આવ્યો છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે મોટાભાગના વ્યક્તિગતો ક્લેનિક કિડની ડિસીઝ (સીકેડી)ના જુદા જુદા તબક્કામાં સારવાર માટે પહોંચે છે. તે પહેલા કોઈપણ કિડની કામગીરીની સારવાર કરાવતા નથી. ભારતમાં યુવા લોકો પણ અટકાયતી ચેકઅપમાં વિશ્વાસ રાખતા નથી જે ખૂબ જ ખરાબ બાબત છે.

સોશિયલ મીડિયા પર તસવીરો વાયરલ

## લંડનમાં અપકમિંગ વેબ સિરીઝ પ્રિમીયરરાખવામાં આવ્યુ હતું

બોલિવૂડ ફિલ્મ સ્ટાર આલિયા ભટ્ટ એની ખૂબસુરતી અને દમદાર એક્ટિંગ માટે જાણીતી છે. આલિયા પર અનેક લોકો ફિદા છે. અદાકાર આ સમયે ઈન્ડસ્ટ્રીમાંથી સૌથી ટોપ એક્ટ્રેસ માટે જાણીતી છે. આલિયા ભટ્ટ બેક ટૂ બેક હિટ ફિલ્મો આપીને દર્શકોના દિલમાં ખાસ જગ્યા બનાવી લીધી છે. હાલમાં આલિયા ભટ્ટની અપકમિંગ વેબ સિરીઝ પોચરના પ્રમોશન માટે લંડન ગઈ હતી. જ્યાં એક્ટ્રેસે બ્લેક સાડી પહેરી હતી. બ્લેક સાડી આલિયાની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે. લંડનમાં પોચરનું સ્પેશિયલ પ્રીમિયર રાખવામાં આવ્યુ હતુ જ્યાંથી એક્ટ્રેસની લેટેસ્ટ તસવીરો વાયરલ થઈ રહી છે. લેટેસ્ટ તસવીરોમાં આલિયા ભટ્ટ બ્લેક સાડીમાં જોવા મળી રહી છે. બ્લેક સાડીમાં આલિયા કિલર પોઝ આપી રહી છે. આ કિલર પોઝથી ફેન્સ ઘાયલ થઈ ગયા છે.





સોની રાજદાન અને શાહીન ભટ્ટની સાથે

## પ્રાઇમ વિડીયો પર સિરીઝનું પ્રીમિયર કરવામાં આવશે

આ સાથે આલિયાએ કાનમાં મેચિંગ ઈયરરિંગ્સ પહેરી છે જે એની સુંદરતામાં વધારો કરે છે. પોચર ફિલ્મના લંડન પ્રીમિયરની વચ્ચે એક્ટ્રેસ આલિયા ભટ્ટ એની બહેન શાહિનની સાથે ખૂબ મસ્તી કરી હતી. આ તસવીર પુરાવો છે. આલિયા ભટ્ટ માતા સોની રાજદાન અને બહેન શાહીન ભટ્ટની સાથે એની અપકમિંગ વેબ સિરીઝ પ્રિમીયર માટે પહોંચી હતી. જ્યાં આ ત્રણેય લોકોએ પરફેક્ટ ફોટો ક્લિક કરાવ્યો. આ ક્રાઈમ સિરીઝ મુખ્ય રૂપે મલયાલમ, હિન્દી અને અંગ્રેજીમાં છે. પોચર ૨૩ ફેબ્રુઆરીના રોજ ભારત અને દુનિયાભરના ૨૪૦થી વધારે દેશો અને ક્ષેત્રોમાં વિશેષ રૂપથી પ્રાઈમ વિડીયો પર આનું પ્રીમિયર કરવામાં આવશે. આ અંગ્રેજી, તમિલ, તેલુગુ, કન્નડ અને હિન્દીમાં હશે. આ સાથે ૩૫થી વધુ ભાષાઓમાં ઉપશીર્ષક હશે.

દીકરી પૂજા બેદીએ પ્રેમમાં બદલ્યો ધર્મ

## પૂજા બેદીના પિતા કબીર બેદીએ ૭૦ વર્ષની ઉંમરે ચોથી વાર કર્યા લગ્ન

**કબીરે પણ તેમના સમયમાં ઘણું નામ કમાવ્યું હતું, કબીરનું નામ ઘણી અભિનેત્રીઓ સાથે જોડાયું હતું**

૧૯૯૨માં જ્યારે આમિર ખાનની ફિલ્મ 'જો જીતા વોહી સિકંદર' સિનેમાઘરોમાં આવી ત્યારે આ ફિલ્મ લોકોને ઘણી પસંદ આવી હતી. આ ફિલ્મમાં કબીર બેદીની પુત્રી પૂજા બેદીએ આમિરની ગર્લફ્રેન્ડની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મથી અભિનેત્રીને ઘણી લોકપ્રિયતા મળી હતી. પરંતુ તે આ લોકપ્રિયતાનો લાભ ઉઠાવી શકી નહીં અને ૫-૬ વર્ષ પછી ફિલ્મી દુનિયાથી દૂર થઈ ગઈ. પૂજા બેદીના પિતા કબીર બેદીએ પણ તેમના સમયમાં ઘણું નામ કમાવ્યું હતું. કબીર બેદીનું નામ ઘણી અભિનેત્રીઓ સાથે જોડાયું હતું. તે હંમેશા પોતાની લવ લાઈફને કારણે ચર્ચામાં રહ્યા છે. પરંતુ ૭૦ વર્ષની ઉંમરે જ્યારે તેમણે પોતાની દીકરીથી નાની યુવતી સાથે ચોથી વાર લગ્ન કર્યા ત્યારે આ સમાચાર સાંભળીને બધા ચોંકી ગયા. જોકે, પૂજા વિવાદો સાથે પણ જોડાયેલી રહી છે. અભિનેત્રીએ પોતાનો પ્રેમ મેળવવા માટે પોતાનો ધર્મ પણ બદલી નાખ્યો હતો. જો કે, તે પછી અભિનેત્રીના લગ્ન ટક્યા નહીં અને એક સમયે તેણે છૂટાછેડા લીધા અને અભિનયની દુનિયામાં પાછી આવી હતી. જો જીતા વોહી સિકંદર' ડેબ્યુ ફિલ્મ નહોતીઃ મોટાભાગના લોકોનું માનવું છે કે પૂજા બેદીએ આમિર ખાનની ફિલ્મ 'જો જીતા વોહી સિકંદર'થી પોતાના કરિયરની શરૂઆત કરી હતી. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે અભિનેત્રીએ વર્ષ ૧૯૯૧માં ફિલ્મ 'વિષકન્યા'થી ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો. તે આમિર સાથે તેની કારકિર્દીની બીજી ફિલ્મમાં જોવા મળી હતી. ૯૦ના દાયકામાં અભિનેત્રીની ગણતરી તે જમાનાની બોલ્ડ અભિનેત્રીઓમાં થતી હતી. એક ભૂલ અને કારકિર્દી ડૂબવા લાગીઃ ૯૦ના દાયકામાં જ્યારે અભિનેત્રીઓ બોલ્ડ સીન કરવાનું ટાળતી હતી ત્યારે પણ પૂજા ઘણી બિંદાસ્ત રહેતી હતી. તે સમયે પૂજા બેદીએ શાવરમાં એક એડ ફિલ્મનું શૂટિંગ કર્યું હતું. આ એડ ફિલ્મને લઈને ઘણી ચર્ચા થઈ હતી. આ એડ શૂટને લઈને ઘણો વિવાદ થયો હતો.



તે ટીવી માટે ખૂબ બોલ્ડ માનવામાં આવતું હતું, તેના ટેલિકાસ્ટ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, અભિનેત્રીએ કહ્યું કે આ એડ શૂટ કરવાનો તેનો અનુભવ ઘણો અદ્ભુત હતો. તમને જણાવી દઈએ કે પૂજા બેદીએ વર્ષ ૧૯૯૪માં પારસી મુસ્લિમ ફરહાન ઈબ્રાહિમ સાથે લગ્ન કર્યા હતા. આ પહેલા તેણે પોતાનો ધર્મ પણ બદલી નાખ્યો હતો. લગ્નના ૩ વર્ષ બાદ પૂજા બેદીએ ૧૯૯૭માં પુત્રી અલાયાને અને ૨૦૦૦માં પુત્ર ઓમારને જન્મ આપ્યો હતો. બંને બાળકો થયા પછી અભિનેત્રીએ છૂટાછેડા લીધા હતા. ૨૦૦૩માં છૂટાછેડા લીધા પછી તે ફિલ્મો સિવાય અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થઈ ગઈ. ' ઓછા લોકો જાણે છે કે પૂજાએ પોતાના કરિયરમાં વધુ ફિલ્મોમાં કામ કર્યું નથી. ૫-૬ વર્ષમાં તેની કારકિર્દી ઠપ થઈ ગઈ હતી.

## સિદ્ધાર્થ મલ્હોત્રાની 'યોદ્ધા' ફિલ્મનું ટીઝર રિલીઝ

સિદ્ધાર્થ મલ્હોત્રાની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'યોધા'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. ફિલ્મ 'યોધા'ના ટીઝરમાં સિદ્ધાર્થ મલ્હોત્રાનું જબરદસ્ત એક્શન જોવા મળી રહ્યું છે. બોલિવૂડ એક્ટર સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોધા' ઘણા સમયથી ચર્ચામાં છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની આ ફિલ્મની ચાહકો રાહ જોઈ રહ્યા છે અને સોમવારે ચાહકોને એક સારા સમાચાર મળ્યા. ખરેખર, સિદ્ધાર્થ મલ્હોત્રાએ તેની ફિલ્મ 'યોધા'નું ટીઝર રિલીઝ કર્યું છે. આ ફિલ્મના ટીઝરમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અપહરણકારોનો સામનો કરતા જોવા મળે છે અને તેનું જબરદસ્ત એક્શન જોવા મળે છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મનું ટીઝર રિલીઝ થતાં જ તેને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોધા' ૧૫ માર્ચે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં દિશા પટણી અને રાશિ ખન્ના પણ મહત્વના રોલમાં છે. સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'યોધા'નું ટીઝર રિલીઝ થઈ ગયું છે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ફિલ્મનું ટીઝર શેર કર્યું છે.




**૮ સુપરહિટ રહી હતી અને માત્ર એક જ સુપરફ્લોપ થઈ છે**

## એક એવી ફિલ્મ જેની અત્યાર સુધીમાં બની છે ૯ રીમેક

### આ એક તેલુગુ મૂવી છે જે વર્ષ ૨૦૦૫માં રિલીઝ થઈ હતી અને તેનું ટાઇટલ નુવવોસ્તાનતે નેનોદંતના છે

અમે અહીં જે ફિલ્મ વિશે વાત કરી રહ્યા છે તે એક તેલુગુ મૂવી છે જે વર્ષ ૨૦૦૫માં રિલીઝ થઈ હતી અને તેનું ટાઈટલ નુવવોસ્તાનતે નેનોદંતના છે. નુવવોસ્તાનાન્તે નેનોદંતના એ પ્રભુ દેવા દ્વારા દિગ્દર્શિત તેલુગુ રોમેન્ટિક ડ્રામા છે. પ્રભુ દેવાએ **Nuvvostanante Nenoddantana**નાથી દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી અને આજ ફિલ્મથી તેમણે ડાન્સ અને એક્ટિંગ ઉપરાંત તેમણે તેમની દિગ્દર્શન હુનરથી દરેકને પ્રભાવિત કર્યા હતા. દેશભરના વિવિધ ઈન્ડસ્ટ્રીના નિર્માતાઓનું આ ફિલ્મે ધ્યાન ખેંચ્યું અને તેમણે રિમેક બનાવી. સુમંથ આર્ટ પ્રોડક્શન હેઠળ એમએસ રાજુ દ્વારા નિર્મિત, આ ફિલ્મમાં શ્રીહરિ, સિદ્ધાર્થ અને ત્રિશા મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મ લેખક વીરુ પોટલાએ કહ્યું કે આ ફિલ્મ ૧૯૮૯ની હિન્દી ફિલ્મ મૈને પ્યાર કિયામાંથી પ્રેરણા લીધી હતી, જેમાં ભાગ્યશ્રી અને સલમાન ખાન અભિનિત હતા. **Nuvvostanante Nenoddantana** તેની અસાધારણ વાર્તા અને સ્ટાર કાસ્ટ સાથે બોક્સ ઓફિસ પર હિટ બની હતી. આ ફિલ્મ મુખ્ય અભિનેત્રી માટે પણ ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. આ ફિલ્મે ૯ અલગ-અલગ ભાષાઓમાં રિમેક કરીને ભારતીય સિનેમામાં ઈતિહાસ રચ્યો. આ ફિલ્મની રિમેકમાં તમિલમાં 'ઉનક્કમ ઈનાક્કમ', કન્નડમાં 'નિનેલો નાનલે', બંગાળીમાં 'આઈ લવ યુ', મણિપુરીમાં 'નિંગોલ થાજાબા', ઉડિયામાં 'સુના ચડેઈ મો રૂપા ચડેઈ', પંજાબીમાં 'તેરા મેરા કી રિશ્તા'નો સમાવેશ થાય છે. બાંગ્લાદેશમાં 'નિસાશ અમર તુમી', નેપાળીમાં 'ધ ફ્લેશ બેકઃ ફરકેરા હેરદા' અને હિન્દીમાં 'રમૈયા વસ્તાવૈયા'. આ ફિલ્મ હિન્દીમાં ફ્લોપ રહી હતી અને અન્ય તમામ ભાષાઓમાં હિટ રહી હતી. **Nuvvostanante Nenoddantana** એ એવી ફિલ્મ છે જેને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં સૌથી વધુ ફિલ્મફેર એવોર્ડ મળ્યા છે. વાર્તા સિરી અને શ્રીરામની આસપાસ ફરે છે, પ્રેમમાં રહેલા એક યુગલ જેઓ તેમના લગ્નની યોજના માટે શ્રીરામની માતાના વિરોધનો સામનો કરે છે.

## ડબલ મીનિંગ વાળા ગીતો ગાઇને થઈ બદનામ

**સિંગર પૂર્ણિમા જેવી ઉમદા સિંગરથી આજની પેઢી અજાણ છે, તે ગુમનામીનું જીવન જીવવા માટે મજબૂર છે**


સિંગરના મધુર અવાજમાં તીખાશ છે, તો મીઠાશ પણ છે. તેણે અલ્કા યાજ્ઞિક અને અનુરાધા પૌડવાલ જેવી ઉમદા ગાયિકાઓ વચ્ચે પોતાની ખાસ ઓળખ બનાવી, જેના ગીતો આજે પણ સાંભળનારાઓને મંત્રમુગ્ધ કરી દે છે. આજે પણ લોકોના મોબાઈલમાં તેના ગીતોની પ્લે લિસ્ટ મળી જશે. તેણે ફિલ્મ 'હીરો નંબર ૧'ની ગીત 'સોના કિતના સોના હૈ' સહિત 'તુતુ તૂપ તુતુ તારા તોડો ના દિલ હમારા' અને 'સરકાઈ લો ખટિયા જાડા લગે' જેવા સુપરહિટ ગીતો ગાયા હતાં. સિંગરે ફક્ત ૯ વર્ષની ઉંમરથી ફિલ્મોમાં ગાવાનું શરૂ કરી દીધું હતું. તેણે વર્ષ ૧૯૬૯માં ફિલ્મ 'અંદાઝ'નું ગીત 'હૈ ના બોલો બોલો' ગાયું હતું. તેણે ૭૦ના દશકની ઘણી હિન્દી ફિલ્મોમાં સુષ્મા શ્રેષ્ઠ નામે ઘણા હિટ ગીતો ગાયા છે, જેમાં ફિલ્મ 'આ ગલે લગ જા'નું ફેમસ ગીત 'તેરા મુજસે હૈ પહેલા કા નાતા કોઈ' પણ સામેલ છે. સુષ્મા શ્રેષ્ઠ મોટી થઈને પૂર્ણિમા નામે ફેમસ થઈ. સિંગરનો અવાજ ૯૦ના દશકમાં યુવાઓની ધડકન બની ગયો. તેણે 'સરકાઈ લો ખટિયા જાડા લગે', 'સઈયા કે સાથ મઢૈયા મે' અને 'કબૂતરી બોલે કબૂતર સે' જેવા ડબલ મીનિંગ એટલે કે દ્વિઅર્થી ગીતો સુપરહિટ તો થયા પરંતુ આવા ગીતોના કારણે તેની ખૂબ બદનામી થઈ અને આલોચના થઈ. સુષ્મા શ્રેષ્ઠ મોટી થઈને પૂર્ણિમા નામે ફેમસ થઈ. તે પોતાના સમયની ગાયિકા અલ્કા યાગ્નિક, અનુરાધા પૌડવાલ, સાધના સરગમ અને કવિતા કૃષ્ણમૂર્તિ જેટલી જ ટેલેન્ટેડ છે પરંતુ તેને તે સન્માન અને ઓળખ ન મળી, જેની તે હકદાર છે. સિંગર પૂર્ણિમા જેવી ઉમદા સિંગરથી આજની પેઢી અજાણ છે. તે ગુમનામીનું જીવન જીવવા માટે મજબૂર છે. પૂર્ણિમાએ એકવાર કોઈ ઈન્ટરવ્યુમાં પોતાનું દુઃખ વ્યક્ત કર્યુ હતું. તેણે કહ્યું હતું, 'અહીં એવું થાય છે કે લોકો સ્વાભિમાની વ્યક્તિને પસંદ કરે છે, પરંતુ તેની સાથે કામ કરવાનું પસંદ નથી કરતાં. સુષ્મા શ્રેષ્ઠ ઉર્ફે પૂર્ણિમા મુંબઈમાં વર્ષ ૧૯૬૦માં એક નેપાળી મૂળના પરિવારમાં જન્મી હતી. તેના માતા-પિતા પણ સંગીતની દુનિયા સાથે ગાઢ સંબંધ ધરાવતા હતાં. પિતા પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા હતાં. તેના માતા નિર્મલા શ્રેષ્ઠ પણ સંગીત સાથે જોડાયેલા હતાં અને આશા ભોંસલેના સારા મિત્ર હતી. ૬૩ વર્ષની પૂર્ણિમાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, જ્યારે તેનો જન્મ થવાનો હતો, ત્યારે તેની મા આશા ભોંસલેના ગીતો સાંભળતી હતી. તે ભગવાનને પ્રાર્થના કરતી હતી કે તેના સંતાનનો અવાજ આશા ભોંસલે જેવો મધુર હોય. સિંગરે 'કુલી નંબર ૧', 'જુડવા' અને 'હીરો નંબર ૧' જેવી ફિલ્મોમાં પણ ગીતો ગાયા છે. જો કે તે આજે સ્ટેજ શોઝ પણ કરે છે.




## આર્યન ખાનના બ્રાન્ડનું પ્રમોશન શાહરુખે કર્યુ

**વિડીયોમાં આર્યનની બ્રાન્ડ D'Yavol X ના નવા શોરૂમની ઝલક બતાવી છે**

બોલિવૂડના કિંગ ખાન એટલે કે શાહરુખ ખાને વર્ષ ૨૦૦૩માં દિકરા આર્યન ખાનને બ્રાન્ડ **D'Yavol X** નો સ્વેટશર્ટ લોન્ચ કર્યુ હતુ. શાહરુખે આ બ્રાન્ડનું પ્રમોશન પોતાના સોશિયલ મિડીયામાં ખૂબ કર્યુ છે. આ બ્રાન્ડ શાહરુખના દિકરા આર્યન ખાનની છે. જો કે આ વાતને લઈને શાહરુખ ખાને એક વિડીયો શેર કર્યો છે જેમાં **D'Yavol X**નો શોરૂમ મંબઈમાં હવે ક્યાં ખુલી રહ્યો છે એ વિશે જણાવ્યુ છે. આર્યન ખાનની લકઝરી બ્રાન્ડ **D'Yavol X** શોરૂમ મુંબઈ એરપોર્ટ પર ખુલી રહ્યો છે. શાહરુખ ખાને આ વિશેની જાણકારી ઈન્સ્ટાગ્રામ પર આપી છે. આ દરમિયાન જે વિડીયો શેર કર્યો છે એમાં શાહરુખ ખાન શર્ટલેસ નજરે પડી રહ્યો છે. આ વિડીયો ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. શાહરુખ ખાને ઈન્સ્ટાગ્રામ પર એક વિડીયો શેર કર્યો છે. આ વિડીયોમાં આર્યન ખાનની બ્રાન્ડ **D'Yavol X** ના નવા શોરૂમની ઝલક બતાવી છે. આના કેપ્શનમાં શાહરુખે લખ્યુ છે કે, મુંબઈ એરપોર્ટ પર આ જોવા માટે ઉત્સુક છે. નવી લાઈફસ્ટાઈલ સંબંધીત વસ્તુઓ જલદી સામે આવવાની છે, મને નવા કાર્ગો પસંદ છે. આમ, તમને જણાવી દઈએ કે મુંબઈ એરપોર્ટ પર જે શોરૂમ ખુલશે એમાં શાહરુખ ખાનની શર્ટલેસ તસવીર જોવા મળશે. આ વસ્તુ તમે વિડીયોમાં જોઈ શકો છો. આર્યન ખાને પોતાના કરિયરની શરૂઆત બિઝનેસમેન તરીકે કરી છે. જો કે એક વેબ સિરીઝની કહાની પણ લખી ચુક્યો છે જેનું નિર્દેશન રેડ ચિલીઝ એન્ટરટેનમેન્ટ કંપની હેઠળ કરશે જે એના ફાધર શાહરુખ ખાનની છે. ૨૬ વર્ષના આર્યન ખાને કેલિફોર્નિયા સાઉથર્ન યુનિવર્સિટીમાંથી સ્ટડી કરી છે અને હવે એનો બિઝનેસ શરૂ કર્યો છે. મિડીયા રિપોર્ટ્સ અનુસાર આર્યન ખાન એક્ટિંગની દુનિયાથઈ દૂર રહેશે પરંતુ કેમેરાની પાછળ નિર્દેશક અને લેખક તરીકે જરૂર નજરે પડશે. શાહરુખની વાત કરવામાં આવે તો ૯૦ના દશકમાં બોલિવૂડમાં ડેબ્યુ કરનાર કિંગ ખાન આજે ટોપ એક્ટર્સમાંથી એક છે. વર્ષ ૨૦૨૩માં એની ત્રણ ફિલ્મો પઠાન, જવાન અને ડંકીએ ૨૬૦૦ કરોડથી પણ વધારે બિઝનેસ કર્યો હતો.





## સાક્ષી શિવાનંદે અંડરવર્લ્ડથી ગભરાઈને છોડી હતી ઇન્ડસ્ટ્રી

**ઘણી બધી ફિલ્મોમાં સાક્ષી શિવાનંદ જોવા મળી હતી, સાક્ષી શિવાનંદે બોલીવુડ પછી સાઉથ ઇન્ડસ્ટ્રીમાં પણ ઘણું નામ મેળવ્યું**



બોલિવૂડમાં ઘણી સુંદરીઓ આવી, જેમણે કેટલીક ફિલ્મોમાં કામ કર્યુ અને રાતોરાત નામ કમાયું અને પછી અચાનક ગાયબ થઈ ગઈ. કેટલાકે પારિવારિક કારણોસર આ નિર્ણય લીધો તો કોઈએ અંડરવર્લ્ડના ડરથી ફિલ્મો દૂર થઈ ગઈ. બોલિવૂડની એક અભિનેત્રી, જેણે પોતાની સુંદર મુસ્કાન અને બોલતી આંખોથી બધાનું દિલ જીતી લીધું. ક્યારેક તે પડદા પર સુનીલ શેટ્ટીની 'બહેન' બની, તો ક્યારેક અમરીશ પુરીની 'દીકરી' બની. તેણે સ્ક્રીન પર પોતાના અભિનયથી લોકોને આકર્ષિત કર્યા પરંતુ પછી રાતોરાત ફિલ્મી દુનિયાને અલવિદા કહી દીધું. બોલિવૂડમાં ઘણી સુંદરીઓ આવી, જેમણે કેટલીક ફિલ્મોમાં કામ કર્યું અને રાતોરાત નામ કમાયું અને પછી અચાનક ગાયબ થઈ ગઈ. કેટલાકે પારિવારિક કારણોસર આ નિર્ણય લીધો તો કોઈએ અંડરવર્લ્ડના ડરથી ફિલ્મો દૂર થઈ ગઈ. બોલિવૂડની એક અભિનેત્રી, જેણે પોતાની સુંદર મુસ્કાન અને બોલતી આંખોથી બધાનું દિલ જીતી લીધું. ક્યારેક તે પડદા પર સુનીલ શેટ્ટીની 'બહેન' બની, તો ક્યારેક અમરીશ પુરીની 'દીકરી' બની. તેણે સ્ક્રીન પર પોતાના અભિનયથી લોકોને આકર્ષિત કર્યા પરંતુ પછી રાતોરાત ફિલ્મી દુનિયાને અલવિદા કહી દીધું. ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેત્રીએ ખુલાસો કર્યો હતો કે ફિલ્મના શૂટિંગ દરમિયાન તેને અંડરવર્લ્ડમાંથી ફોન આવ્યા હતા અને સેટ પર પણ તેના કેટલાક કનેક્શન્સ તેને મળવા આવ્યા હતા, જેમણે અભિનેત્રીને દુબઈ જઈને ડોનને મળવાનું કહ્યું હતું. ત્યાં તે સમયે અભિનેત્રી સંપૂર્ણપણે એકલી હતી અને આ પછી તેણે બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી પોતાને દૂર કરી લીધી. સાક્ષીએ વર્ષ ૧૯૯૫માં હિન્દી ફિલ્મ 'જનમ કુંડલી'થી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યૂ કર્યું હતું. જો કે આ ફિલ્મ ફ્લોપ ગઈ, પરંતુ અભિનેત્રીએ ચોક્કસપણે દર્શકોનું ધ્યાન ખેંચ્યું. આ જ વર્ષે સાક્ષીને ફિલ્મ 'સંજય'માં પણ મહત્વનો રોલ કરવાનો મોકો મળ્યો, પરંતુ આ ફિલ્મ પણ ફ્લોપ સાબિત થઈ. સાક્ષી શિવાનંદે વર્ષ ૧૯૯૬માં મલયાલમ ફિલ્મ 'ઈન્દ્રપ્રસ્તમ'માં કામ કર્યું હતું અને આ ફિલ્મે તેના માટે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના દરવાજા ખોલી દીધા. જે બાદ તેણે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી. બોલિવૂડ ફિલ્મ 'આપકો પહેલે ભી કહીં દેખા હૈ' તેની કારકિર્દીનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. આ વચ્ચે અચાનક સાક્ષીએ ઘણી સાઈન કરેલી ફિલ્મો છોડી દીધી અને પ્રોડ્યુસર પાસેથી એડવાન્સ લીધેલા પૈસા પણ પરત કરી દીધા. ઘણા વર્ષો પછી તેણે આ વાતનો ખુલાસો કર્યો હતો. અભિનેત્રીએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ફિલ્મના શૂટિંગ દરમિયાન તેના નંબર પર કોલ આવ્યા હતા પરંતુ તેણે વધુ ધ્યાન આપ્યું ન હતું. એક દિવસ શૂટિંગ દરમિયાન કેટલાક લોકો સેટ પર આવ્યા અને તેને દુબઈ જવાનું કહ્યું, જેના પછી સાક્ષી ડરી ગઈ અને તેણે આખી વાત તેના પ્રોડ્યુસરને જણાવી.

## ખતરોં કે ખિલાડી ૧૪ના શોમાં BB-૧૭ના કપલ ભાગ લેશે?

ખતરોં કે ખિલાડી ૧૪ના નિર્માતાઓ આ શો માટે સેલિબ્રિટીઝનો સંપર્ક કરી રહ્યા છે. અહેવાલો અનુસાર, તેઓએ બિગ બોસ ૧૭ કપલમાંથી એકનો સંપર્ક કર્યો છે. બિગ બોસ ૧૭ હવે સમાપ્ત થઈ ગયું છે અને લોકો હવે રોહિત શેટ્ટીના ખતરોં કે ખિલાડી ૧૪ વિશે ઉત્સાહિત છે. સ્ટંટ આધારિત રિયાલિટી શોની મોટી ફેન ફોલોઈંગ છે. રોહિત શેટ્ટી એક અદ્ભુત હોસ્ટ છે અને અમારા મનપસંદ સેલિબ્રિટીઓને કેટલાક ડેરડેવિલ સ્ટંટ કરતા જોવાની મજા આવે છે. ખતરોં કે ખિલાડીનું શૂટિંગ સામાન્ય રીતે મે મહિનામાં શરૂ થાય છે અને એવું લાગે છે કે શોના નિર્માતાઓએ સ્પર્ધકોનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે. શો અને તે સેલિબ્રિટી વિશે ઘણું કહેવામાં આવી રહ્યું છે જે તેનો ભાગ બની શકે છે. સામાન્ય રીતે, બિગ બોસના સ્પર્ધકોને ખતરોં કે ખિલાડી કરવાની તક મળે છે અને તેનાથી વિપરીત છે. આ વખતે પણ બિગ બોસ ૧૭ની ઘણી હસ્તીઓનો સંપર્ક કરવામાં આવ્યો છે. જણાવવામાં આવી રહ્યું હતું કે અભિષેક કુમાર, મુનાવર ફારુકી, આયેશા ખાન, મન્નરા ચોપરાનો ખતરોં કે ખિલાડી કરવા માટે સંપર્ક કરવામાં આવ્યો છે. હવે, ટાઈમ્સ નાઉ ડિજિટલના અહેવાલો અનુસાર, બિગ બોસ ૧૭ માંથી એક કપલનો સંપર્ક કરવામાં આવ્યો છે. વેલ, તે અંકિતા લોખંડે અને વિકી જૈન નહીં પરંતુ ઈશા માલવિયા અને સમર્થ જુરેલ છે.

# અર્ચના વિદ્યા નિકેતન શાળામાં યોજાયો સંસ્કારોત્સવ 3.0 પંચામૃત કાર્યક્રમ






। સુરત, તા.૧૯ ।

કમલપાર્ક વરાછા, સુરત સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળામાં સંસ્કારોત્સવ 3.0 પંચામૃત મહોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં ભારતીય પરંપરા મુજબ વિદ્યાર્થીઓના જન્મ દિવસની ઉજવણી સંકલ્પ યજ્ઞ દ્વારા કરવામાં આવી. વિદ્યાર્થીઓ વાલીઓ સાથે સંકલ્પ યજ્ઞમાં જોડાયા અને પોતાના જન્મ દિવસને શ્રેષ્ઠ અને સમાજ ઉપયોગી વિચારધારા મુજબ ઉજવવા સંકલ્પ લીધા. સાથે સાથે ધરતી પરના સાચા ભગવાન માતા પિતાની પૂજન વિધિ કરવામાં આવી. માતૃ-પિતૃ પૂજન અંતર્ગત દાદા દાદીની પણ પૂજા કરવામાં આવી. શાળાના તમામ વાલીઓ આ સંસ્કારોના સિંચન અને મૂલ્યોની ઘડતર માટેના કાર્યક્રમમાં જોડાયા. આખા વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીઓ અને આ વિદ્યાર્થીઓને સારી રીતે મદદ કરનાર વાલીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. બેસ્ટ સ્ટુડન્ટ્સ ઓફ ધ યર અને બેસ્ટ પેરેંટ્સ ઓફ ધ યરમાં શાળાના ૧૮૧ વિદ્યાર્થીઓ અને વાલીઓનું સવિશેષ સન્માન કરવામાં આવ્યું.

શાળાના તમામ વાલીઓ અને મહેમાનશ્રીઓએ આ આપણી ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કરતા અને સંસ્કારોના સિંચન કરતા કાર્યક્રમના ભરપૂર વખાણ કર્યા. કાર્યક્રમમાં SPC અને ભારત એન્ડ સ્કાઉટ ગાઈડ દ્વારા પરેડ કરવામાં આવી. રામાયણની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ મહંતશ્રી ગુલશન મહારાજ, અનિષાબેન બ્રહ્માકુમારી, કુસુમબેન વર્મા, જીગ્નેશભાઈ કચ્છી, નિલેશભાઈ જોષી, કોદુનૂરી શ્રીનુ, લક્ષ્મીનારાયણા સાદુલા, કર્નલ એન. કે. દેસાઈ , શાળાના પ્રમુખ ડૉ ધીરજલાલ પરડવા, ટ્રસ્ટી દિવ્યેશભાઈ પરડવા, નિયામક ડૉ. ચંદુભાઈ ભાલીયા, આચાર્યશ્રી ડૉ. રજીતા તુમ્માના માર્ગદર્શન અને આયોજન હેઠળ કાર્યક્રમ ખૂબ સારી રીતે સફળ થયો.

# મહીસાગર આરસેટી દ્વારા આયોજિત વિવિધ કૌશલ્યવર્ધન તાલીમ કાર્યક્રમોમાં જોડાવા માટે યુવાવર્ગને અપીલ

## બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થાન દ્વારા ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી તાલીમનું આયોજન



। (માહિતી) મહીસાગર, તા.૧૯ ।

દેશમાં શિક્ષિત બેરોજગાર યુવાનોની શક્તિને પ્રેરણા આપીને યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેઓનામાં છુપાયેલી પ્રતિભાને બહાર લાવી શકાય અને આ યુવા શક્તિ દેશના આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવી શકે આવા ઉમદા ઉદ્દેશ સાથે ભારત સરકારના ગ્રામ વિકાસ વિભાગ અને રાજ્ય સરકારનાં સહયોગથી બેંક ઓફ બરોડા દ્વારા બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (બરોડા આરસેટી)ની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થા દ્વારા અનેક તાલીમ કાર્યક્રમોના માધ્યમથી યુવા પ્રતિભાઓને ઉજાગર કરી રોજગારી ક્ષેત્રે આત્મનિર્ભર બનવા સહયોગ આપવામાં આવી રહ્યો છે.

મહીસાગર આરસેટીના ડાયરેકટર વિશાલ અગ્રવાલે જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા ગ્રામ્ય કક્ષાએ લોકોને જાગૃત કરી માંગ આધારિત તાલીમ માટેના કાર્યક્રમોનું આયોજન કરી ઉમેદવારની યોગ્યતા અને મૂલ્યાંકન પછી અરજદારને જે તે ક્ષેત્રમાં તાલીમ આપી સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા બેરોજગારોને નિઃશુલ્ક તાલીમ રહેવા જમવાની સુવિધા સાથે આપવામાં આવે છે,તેમજ તાલીમ બાદ સ્વરોજગાર શરૂ કરવા માટે બેંકમાથી ધિરાણ-ક્રેડિટ લિંકેજ માટે હેન્ડ હોલ્ડિંગ સપોર્ટ આપે છે. વધુમાં તેમણે હાલ આ ફોટોગ્રાફીની તાલીમમાં યુવાનો ખૂબ ઉત્સાહપૂર્વક તાલીમ લઈ રહ્યા છે ત્યારે આ વર્ષ ૨૦૨૪માં મહીસાગર આરસેટી દ્વારા ટૂંકાગાળાની એલએમવી માલિક ડ્રાઈવર, ટુ વ્હીલર મિકેનિક, સેલફોન રીપેરીંગ એન્ડ સર્વીસીસ, સીસીટીવી કેમેરા સિક્યોરીટી એલાર્મ સ્મોક ડીટેકટરનું ઈન્સ્ટોલેશન અને સર્વીસીસ, રેફ્રીજેશન અને એર કંડીશનીંગ, સીવણ, કોમ્પ્યુટર, કૃષિ, પશુપાલન, હસ્તકલાની અનેકવિધ તાલીમો યોજાનાર છે તો આગામી તાલીમ કાર્યક્રમોમાં જોડાવા માટે સંસ્થાનો સંપર્ક કરવા અપીલ કરું છું તેમ જણાવ્યું હતું. મહીસાગર આરસેટી દ્વારા જિલ્લામાં ફોટોગ્રાફીમાં રસ ધરાવતા યુવાઓ આત્મનિર્ભર થઈ શકે તેવા ઉદ્દેશ સાથે ૩૦ તાલીમાર્થીઓ માટે હાલમાં ૩૦ દિવસની નિઃશુલ્ક ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની તાલીમ યોજાઈ રહી છે. છત્તીસગઢથી આવેલા માસ્ટર ટ્રેનર રવિન્દ્ર ચોપરા દ્વારા આ તાલીમમાં ટ્રેડીશનલ ફોટોગ્રાફી. ફિલ્મમેકિંગ, ડોક્યુમેન્ટરી ફિલ્મ, એડવર્ટાઈઝિંગ, સ્ટીલ ફોટોગ્રાફી, ડી.એસએલઆર ફોટોગ્રાફી સહીત ફોટોગ્રાફીના વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવી રહી છે.

તાલીમાર્થી યુવાનોએ ખૂબ પ્રેરક પ્રતિભાવ આપતા સરકાર અને સંસ્થાના પ્રયાસોની પ્રસંશા કરી હતી અને આ તાલીમથી તેઓ તેમના કૌશલ્યનો વિકાસ કરી આત્મનિર્ભર બની રોજગારી મેળવશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સિવિલ હોસ્પિટલ ખાતે "સીટી સ્કેન સેન્ટર" ખુલ્લું મુકાશે




। (માહિતી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટ સિવિલ ખાતે પી.એમ.એસ.એસ.વાય(પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના) અન્વયે અનેકવિધ મેડીકલ સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં કેથલેબ, એમ.આર.આઇ. ઉપરાંત "સીટી સ્કેન સેન્ટર"ની વધુ એક સુવિધા પ્રધાનમંત્રીના હસ્તે તા.૨૫ ફેબ્રુઆરીના રોજ ખુલ્લી મુકાવા જઈ રહી છે. સિવિલ હોસ્પિટલના અધિક્ષકશ્રી ડો.આર. એસ.ત્રિવેદીના જણાવ્યા મુજબ સિવિલ હોસ્પિટલમાં જી.ઈ.વિપ્રો ૧૨૮ સ્લાઈસ સીટી સ્કેનર મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે, જેની કિંમત આશરે ૭ કરોડ છે. આ મશીન થકી ફૂલ બોડી સ્કેન, હેડ સ્કેન, એન્જીઓગ્રાફી, અદ્યતન ઈમેજીંગ (કાર્ડિયાક, પરફયુઝન, ઈન્ટરવેન્શન પ્રક્રિયા, કાર્ડિયાક કેલ્શિયમ) વગેરેનું હાઈ-સ્પીડ રેપીડ સ્કેનીંગ કરી શકાશે, તેમજ હાઈ રેઝોલ્યુશન ઈમેજ જનરેટ કરી શકાશે, આ સવલતોથી વધુ સારૂં નિદાન ગણતરીના સમયમાં કરી શકાશે. આ સુવિધા ઉપલબ્ધ થવાથી હવે સીટી સ્કેન માટે દર્દીઓને અન્ય ખાનગી લેબોરેટરીમાં જવું નહિ પડે, દર્દીઓને એક જ છત્રછાયા નીચે નિદાન તેમજ સારવાર મળી રહેશે.

# ગિરનારની નવી સીડી, જૂની સીડી અને દાતાર જવાના એન્ટ્રી પોઈન્ટ પરથી ગિરનાર પર લઈ જવાતી પ્લાસ્ટિક સામગ્રી તંત્ર દ્વારા અટકાવવામાં આવે છે

। (માહિતી બ્યુરો) જૂનાગઢ, તા.૧૯ ।

ગિરનાર પર પ્લાસ્ટિક જતું અટકે તે માટે આયોજનબદ્ધ રીતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પગલાં લેવામાં આવી રહ્યા છે, ખાસ કરીને ગિરનારની નવી સીડી, જૂની સીડી અને દાતાર જવાના પ્રવેશ માર્ગે જ વન વિભાગ દ્વારા ફ્રિસકિંગ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે, ત્યાં ગિરનાર અને દાતાર પર જતા પ્રવાસી-શ્રદ્ધાળુઓનું ચેકીંગ હાથ ધરીને તેમની સાથે રહેલ પ્લાસ્ટિકની બોટલ કે પ્લાસ્ટિકની અન્ય કોઈ ચીજ વસ્તુઓ મેળવીને ગિરનાર પર પ્લાસ્ટિકની સામગ્રીઓ જતી અટકાવવામાં આવે છે. ગિરનાર પર્વત પર જતા યાત્રાળુઓ માટે નવી સીડીના એન્ટ્રી પોઈન્ટ પર જ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે, ફરજ પરના સ્ટાફ દ્વારા પ્લાસ્ટિક ઉત્પાદનો, પેદાશો, ચીજ વસ્તુઓ, પેકિંગ મટીરીયલ વગેરે યાત્રાળુઓ પાસેથી મેળવી લેવામાં આવે છે. પીવાના પાણી માટે ગીરનાર સીડીઓ પર પણ વ્યવસ્થા રાખવામાં આવી છે, ઉપરાંત દુકાનદારોને તંત્ર દ્વારા સીએસઆર અંતર્ગત પાણીના કેરબા પણ આપવામાં આવ્યા છે, દુકાનદારો સાથે બેઠકો યોજી, પ્લાસ્ટિક મુક્ત વેચાણ પદ્ધતિ અપનાવવા માટે સમજુત કરવામાં આવ્યા છે, પ્લાસ્ટિક પ્રતિબંધની અસરકારક અમલવારી માટે વન વિભાગના અધિકારીઓ કર્મચારીઓ પણ સતત દેખરેખ રાખી રહ્યા છે.

# જામનગર ટ્રાફિક શાખા અને આર. ટી.ઓ. કચેરી દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



। (માહિતી) જામનગર, તા.૧૯ ।

૩૪ માં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ- ૨૦૨૪ અન્વયે સમગ્ર જામનગર જિલ્લામાં વિવિધ પ્રકારના જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર ટ્રાફિક શાખા, જામનગર આર.ટી.ઓ. કચેરી અને જામનગર જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંયુક્ત ઉપક્રમે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એક્પર્ટસ દ્વારા રકતદાન પ્રક્રિયા, રક્તદાનનું મહત્વ, અકસ્માતોથી કેવી રીતે બચી શકાય અને ટ્રાફિકના નિયમો અંગે ઉપસ્થિત સર્વેને માહિતગાર કરવામાં આવ્યા હતા અને રકતદાન થકી અમૂલ્ય માનવ જીવન બચાવવા માટે અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જામનગર ટ્રાફિક શાખા અને આર.ટી.ઓ. કચેરીના અધિકારીશ્રીઓ, સ્ટાફ મિત્રો અને બહોળી સંખ્યામાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞો હાજર રહયા હતા.




તસ્વીર : સંતોષ જોશી બ્યુરો ઈન ચીફ, સંતરામપુર

આજરોજ સંતરામપુર વિધાનસભામાંથી અયોધ્યા દર્શન માટે ભારતીય જનતા પાર્ટીના નગર સંગઠન પ્રમુખ શ્રી સંદિપભાઈ ભોઈ, તાલુકા મંડળના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલીયા મહામંત્રી શ્રી નિતિનભાઈ રાણા અને શ્રી મનોજભાઈ ગૌતમ, મહામંત્રી શ્રી છગનભાઈ માલ અને ભરતભાઈ પટેલ, મહીલા મોરચાના બહેનો, ગાયત્રી પરીવારના શ્રી રામજીભાઈ ગરાસિયા, હરસિધ્ધિ મંદિરના મહંતશ્રીની વિષેશ ઉપસ્થિતિમાં સંતરામપુર નગર અને તાલુકાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને પ્રતાપપુરા કાર્યાલયથી બસમાં દાહોદ જવા માટે રવાના કર્યા.

### વડાપ્રધાનશ્રીના હસ્તે ૨૫ ફેબ્રુઆરીએ

# રાજકોટ ખાતે રૂ. ૧૨૧ કરોડના ખર્ચે "મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હેલ્થ બિલ્ડીંગ"નું લોકાર્પણ

## નવજાત બાળકો અને પ્રસુતાઓ માટે એન.આઈ.સી.યુ., પી.આઈ.સી.યુ. અને એસ.એન.સી.યુ.ની સુવિધાઓ

। (માહિતી) રાજકોટ, તા.૧૯ ।



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૨૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટની પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે રૂ. ૧૨૧ કરોડના ખર્ચે "મેટરનિટી એન્ડ ચાઈલ્ડ હેલ્થ બિલ્ડીંગ"નું લોકાર્પણ કરવામાં આવશે, જેના પરિણામે સૌરાષ્ટ્ર- કચ્છની જનેતાઓ અને નવજાત શિશુઓને એક જ સ્થળેથી વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓનો લાભ મળી રહેશે. આ બિલ્ડીંગ મુખ્યત્વે પીડીયાટ્રિક વિભાગ અને ગાયનેક વિભાગ સહિત લેબોરેટરી અને રેડિયોલોજીની અદ્યતન ટેકનોલોજીથી સજ્જ છે.

ગાયનેક વિભાગમાં ૩૭૦ બેડ અને ૯ ઓપરેશન થીયેટર બ્લોક, ૧૮ બેડનો પ્રસુતિ રૂમ, રિસ્કી ડીલીવરી માટે ક્વોલિફાઈડ નર્સિંગ દ્વારા ૪ બેડના મીડ વાઈફ લેડ કેર યુનિટ અને નવજાત શિશુ માટે હ્યુમન મિલ્ક બેંકની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમજ ૬ બેડનો ટ્રાઈએજ એરિયા, નવજાત શિશુઓની સારવાર માટે ચાર ન્યુ બોર્ન કોર્નરની સુવિધા, સગર્ભાઓ, સ્ત્રીરોગ, કુટુંબ નિયોજન તેમજ બાળકો માટે "૧૦૦૦ દિવસ"ના સર્ટીફીકેશન મુજબ અલગથી લેબરરૂમ, ઓ.પી.ડી.ની વ્યવસ્થા અને મમતા ક્લિનિક સહીત "ઓલ ઈન વન સેન્ટર" બનાવવામાં આવ્યું છે. જયારે પીડીયાટ્રિક વિભાગમાં તાજા જન્મેલા બાળકોની સારવાર માટે ત્રણ લેવલમાં એન.આઈ.સી.યુ. (નિયોનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ) બનાવાયું છે. તેમજ એન.આઈ.સી.યુ. ટ્રેનિંગ માટે ૧૦૦ લોકોની બેઠક વ્યવસ્થાનું ટ્રેનિંગ સેન્ટર ઉપલબ્ધ કરાશે. ઉપરાંત, બાળકો માટે વેન્ટીલેટર સાથે ૨૫ બેડનું આઈ.સી.યુ., કુપોષિત બાળકોના વજન વધારવા માટેનું ૨૫ બેડનું ન્યુટ્રીશનલ રીહેબિલિટેશન સેન્ટર પણ તૈયાર કરવામાં આવ્યું છે.

બાળકોમાં રકતસંબંધી જનીનિક રોગો જેવા કે હીમોફેલીયા અને થેલેસેમીયાગ્રસ્ત બાળકોને લોહી ચડાવવા માટેના અલાયદા વિભાગ સહિત પીડીયાટ્રિક ન્યુરો સર્જીકલ અને સર્જીકલ વિભાગ તેમજ બાળકોની સારવાર દરમ્યાન રમત-ગમત માટેનો પ્લે એરિયા બનાવવામાં આવ્યો છે. મોટી ઉંમરના બાળકો માટે હાઈ ડીપેન્ડન્સી યુનિટ, પોર્ટેબલ સોનોગ્રાફી, કાર્ડીયોગ્રાફી મશીન સહિતની સુવિધાઓનો લાભ સૌરાષ્ટ્રના દર્દીઓને મળી રહેશે.

# જૂનાગઢ "સખી" વન સ્ટોપ સેન્ટર દ્વારા આરસેટીની તાલીમાર્થી બહેનોને મહિલા સશક્તિકરણ વિષે અપાઇ જાણકારી




। (માહિતી બ્યુરો) જૂનાગઢ, તા.૧૯ ।

જૂનાગઢ બિલખારોડ સ્થિત સ્ટેટબેંક ઓફ ઈન્ડીયા સંચાલીત ગ્રામિણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે ચાલી રહેલી સીવણકામ અને બ્યુટિ પાર્લરની તાલીમમાં ૭૦ જેટલી તાલીમાર્થી બહેનોને જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી સંચાલિત "સખી" વન સ્ટોપ સેન્ટર તથા અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે મહિલા સશક્તિકરણ વિષે જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યકર્મમાં રાજય સરકારની મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત ચાલતી વિવિધ યોજનાઓ જેવીકે સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧,પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર, બેટી બચાવો બેટી પઢાવો, વ્હાલી દીકરી યોજના વિશે માહીતિ આપવામાં આવી.આ ઉપરાંત મહિલાઓને થતાં શોષણ અને અત્યાચાર વિરુદ્ધ કઈ રીતે બચવું અને ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી. આપણે જે બાબતને બદલી નથી શકવાના તેને તે જેમ છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. ધનની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. સૅક્સ અપીલ વાંછિત ફળ આપશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે. કામના સ્થળે આજનો દિવસ તમારો હોય એવું જણાય છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે. તમારો દિવસ તમારા પ્રિયપાત્રના હાસ્ય સાથે શરૂ થશે તથા તેનો અંત એકમેકના સપનાંમાં થશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારા પ્રેમ જીવનની બાબતમાં આજનો દિવસ અકલ્પ્ય છે. બસ પ્રેમ કરતા રહો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે.

### ઈંગ્લેન્ડ સામે બીજી ઈનિંગ્સ ડિકલેર કરવાનું રોહિતનું ઐતિહાસિક પગલું

# ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં ભારતનો ૪૩૪ રને વિજય

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચમાં ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામે ૪૩૪ રનથી ઐતિહાસિક જીત હાંસલ કરી હતી. રનના હિસાબે ટેસ્ટમાં ભારતની આ સૌથી મોટી જીત છે. ભારત તરફથી યશસ્વી જયસ્વાલે બીજી ઈનિંગમાં ૨૧૪ રન બનાવ્યા, જેના કારણે ભારતે ઈંગ્લેન્ડને જીતવા માટે ૫૫૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારતે ૪ વિકેટના નુકસાન પર ૪૩૦ રન બનાવીને બીજી ઈનિંગ ડિકલેર કરી હતી. 'બેઝબોલ ક્રિકેટ'માં આ પ્રથમ વખત હતું જ્યારે કોઈ ટીમે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટમાં પોતાની ઈનિંગ ડિકલેર કરી હોય. રોહિત શર્માએ તેની કેપ્ટનશિપ હેઠળ આ ઐતિહાસિક પગલું ભરીને ક્રિકેટ જગતમાં હલચલ મચાવી દીધી હતી. ઈંગ્લેન્ડની ટીમ પણ ચોંકી ગઈ હતી.

રાજકોટમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં રવિન્દ્ર જાડેજાએ બીજી ઈનિંગમાં ૫ વિકેટ ઝડપી હતી. આ સાથે જ જાડેજાએ પ્રથમ ઈનિંગમાં સદી ફટકારી હતી જેના આધારે ભારતે ૪૪૫ રન બનાવ્યા હતા. જેના કારણે જાડેજાને પ્લેયર ઓફ ધ મેચનો ખિતાબ આપવામાં આવ્યો હતો. જાડેજાએ પ્રથમ ઈનિંગમાં ૧૧૨ રન બનાવ્યા હતા અને ૨ વિકેટ પણ લીધી હતી. જયારે તેને બીજી ઈનિંગમાં બેટિંગ કરવાની તક મળી ન હતી. પરંતુ જાડેજાએ બોલિંગમાં ૫ વિકેટ ઝડપી કમાલ કરી હતી. જાડેજાએ મેચમાં કુલ ૭ વિકેટ ઝડપી અને ૧૧૨ રન બનાવ્યા હતા. ભારતની બીજી ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે ૨૩૬ બોલનો સામનો કરી ૨૧૪ રન બનાવ્યા હતા. જયસ્વાલે પોતાની ઈનિંગમાં ૧૪ ચોગ્ગા અને ૧૨ છગ્ગા ફટકાર્યા હતા. તેનો સ્ટ્રાઈક રેટ ૯૦.૬૮ હતો. જ્યારે જયસ્વાલે ગિલ સાથે ૧૫૯ રનની ભાગીદારી કરી હતી. આ ઉપરાંત તેણે અને સરફરાઝ ખાને ૧૫૮ બોલમાં ૧૭૨ રન બનાવીને ઈંગ્લેન્ડના બોલરોને ચોંકાવી દીધા હતા.




સરફરાઝે પોતાની ડેબ્યુ ટેસ્ટ મેચની બંને ઈનિંગ્સમાં ફિફ્ટી ફટકારી હતી. સરફરાઝે પ્રથમ ઈનિંગમાં ૬૬ બોલમાં ૬૨ અને બીજી ઈનિંગમાં ૭૨ બોલમાં ૬૮ રન બનાવ્યા હતા. આ સિવાય ગિલ સદી ફટકારવામાં ચૂકી ગયો હતો અને ૯૧ રન બનાવીને રનઆઉટ થયો હતો. ભારત તરફથી કેપ્ટન રોહિત શર્માએ પોતાના ટેસ્ટ કરિયરની ૧૧મી સદી અને ઈંગ્લેન્ડ સામે ત્રીજી સદી ફટકારી હતી. રોહિતે ૧૯૬ બોલમાં ૧૩૧ રનની ઈનિંગ રમી હતી. આ ટેસ્ટ મેચમાં ભારતે પહેલા જ દિવસથી ઈંગ્લેન્ડને ઘૂંટણિયે પડવા મજબૂર કરી દીધું હતું. ઈંગ્લેન્ડની ટીમ ક્યારેય ટેસ્ટ મેચમાં વાપસી કરી શકી ન હતી.

## યશસ્વીની દિવસની સિક્સર્સ જેટલી મેં કેરિયરમાં નથી ફટકારી : કૂક




### જયસ્વાલે ૧૨મો છગ્ગો મારતાની સાથે પાકિસ્તાનના વસીમ અકરમના રેકોર્ડની બરાબરી કરી લીધી હતી

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ રાજકોટમાં રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામે ૪૩૪ રનથી ઐતિહાસિક જીત મેળવી હતી. રાજકોટમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં યશસ્વી જયસ્વાલે તેના ટેસ્ટ કરિયરની બીજી બેવડી સદી ફટકારી હતી. જયસ્વાલે શાનદાર બેટિંગ કરતા ૨૩૬ બોલમાં ૨૧૪ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ૧૨ છગ્ગા પણ ફટકાર્યા હતા. જયસ્વાલે ૧૨મો છગ્ગો મારતાની સાથે પાકિસ્તાનના દિગ્ગજ ખેલાડી વસીમ અકરમના રેકોર્ડની બરાબરી કરી લીધી હતી. યશસ્વીની આ શાનદાર ઈનિંગ બાદ ઈંગ્લેન્ડના પૂર્વ દિગ્ગજ બેટર એલિસ્ટર કૂકે તેના વિશે મોટું નિવેદન આપ્યું છે. એલિસ્ટર કુકે કહ્યું, ''યશસ્વી જયસ્વાલે એક દિવસમાં આટલા બધા છગ્ગા ફટકાર્યા જેટલા મેં મારા આખા કરિયરમાં નથી ફટકાર્યા.'' જણાવી દઈએ કે એલિસ્ટર કૂકે પોતાના ટેસ્ટ કરિયરમાં અત્યાર સુધી માત્ર ૧૧ છગ્ગા ફટકાર્યા છે. આ સિવાય તેણે ૧૪૪૧ ચોગ્ગા પણ ફટકાર્યા છે. કૂક ઈંગ્લેન્ડના શ્રેષ્ઠ બેટરમાંનો એક હતો. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ઈંગ્લેન્ડ માટે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ એલિસ્ટર કૂકના નામે છે. એલિસ્ટર કૂકે ઈંગ્લેન્ડ માટે વર્ષ ૨૦૦૬થી લઈને વર્ષ ૨૦૧૮ વચ્ચે ૧૬૧ ટેસ્ટ મેચ રમ્યા હતા. આ દરમિયાન તેણે ૨૯૧ ઈનિંગ્સમાં ૪૫.૩૫ની એવરેજથી ૧૨૪૭૨ રન આવ્યા હતા. ટેસ્ટમાં તેના નામે કુલ ૩૩ સદી અને ૫૭ ફિફ્ટી છે. તેનો સર્વોચ્ચ સ્કોર ૨૯૪ રન છે. વન-ડેક્રિકેટની વાત કરીએ તો કૂકના નામે ૯૨ વન-ડેમેચોમાં ૩૨૦૪ રન છે. તેનો સર્વોચ્ચ સ્કોર ૧૩૭ રહ્યો છે. જેમાં કુલ ૫ સદી અને ૧૯ ફિફ્ટી સામેલ છે.

### ટીમ ઇંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન જોસ બટલરે કહ્યું

## ઈન્ડિયાને નવો વિરેન્દ્ર સહેવાગ મળી ચૂક્યો છે

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

ટીમ ઈંગ્લેન્ડ હાલ ઈન્ડિયાની ટૂર ઉપર છે, ત્યારે અત્યાર સુધીમાં ટીમ ઈંગ્લેન્ડ ૫ ઇંચ ટેસ્ટ મેચની શ્રેણીના ત્રણ ટેસ્ટ મેચ રમી ચૂક્યું છે. આગામી ચોથો ટેસ્ટ મેચ રાંચી ખાતે યોજાવવાનો છે. ત્યારે ટીમ ઈન્ડિયાના ઓપનર યશસ્વી જયસ્વાલ માટે ટીમ ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વોને પોતાના ટ્વીટર હેન્ડલ પર ટ્વીટ કરતાં જણાવ્યું છે કે, ટીમ ઈન્ડિયાને નવો વિરેન્દ્ર સહેવાગ મળી ચૂક્યો છે. જે આગામી સમયમાં તમામ ફોર્મેટમાં વિરોધી ટીમના તમામ આક્રમણોનો નાશ કરી નાખશે જે પ્રકારે વીરુ કરતો હતો. ઉલ્લેખનીય છે કે, ત્રીજા ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે ૧૦ બોલમાં ૧૦ રન બનાવ્યા હતા જેમાં બે ચોગ્ગા પણ સામેલ હતા. તેમજ ટીમ ઈન્ડિયાની સેકન્ડ ઈનિંગમાં યશસ્વી જયસ્વાલ દ્વારા ૨૩૬ બોલમાં ૨૧૪ રન બનાવવામાં આવ્યા હતા. જે ૨૧૪ રનમાં તેમણે બાર જેટલા છગ્ગા જ્યારે કે ૧૪ જેટલા ચોગ્ગા પોતાના બેટથી ફટકાર્યા હતા. ટીમ ઈન્ડિયા દ્વારા ૪૩૦ રન થતાં ઈનિંગ્સને ડિક્લેર કરવામાં આવી હતી. આમ યશસ્વી જયસ્વાલ સેકન્ડ ઈનિંગમાં નોટ આઉટ રહ્યો હતો. તેમજ તેમની સાથે પાર્ટનરશીપ કરનારા સરફરાજ ખાન દ્વારા પણ ૭૨ બોલમાં ૬૮ રન ફટકારી નોટ આઉટ રહ્યો હતો.

## યશસ્વીની બેવડી સદીએ અનેક ક્રિકેટર્સની આશા પર પાણી ફેરવ્યું

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટના મેદાન પર ભારતીય ટીમે ફરી એક વખત બતાવ્યું કે શા માટે તેને વિશ્વ ક્રિકેટમાં ચેમ્પિયન ટીમ કહેવામાં આવે છે. રાજકોટમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં ભારતીય ટીમે શાનદાર દેખાવ કર્યો અને ૪૩૪ રનના જંગી અંતરથી જીત મેળવી હતી. ભારતની આ જીતનો હીરો યુવા ઓપનિંગ બેટર યશસ્વી જયસ્વાલ હતો. આ મેચની બીજી ઈનિંગમાં તેણે ૨૧૪ રનની શાનદાર ઈનિંગ રમી હતી. પોતાની બેવડી સદીના આધારે યશસ્વીએ એવા ક્રિકેટર્સની આશાઓ તોડી નાખી છે જેઓ ભારતીય ટીમમાં વાપસી માટે સખત મહેનત કરી રહ્યા છે. ભારતીય ટીમ માટે પૃથ્વી શોએ પોતાની ડેબ્યુ ટેસ્ટ મેચમાં સદી ફટકારીને ઘણું નામ કમાવ્યું હતું. તેની ઈનિંગ બાદ તેને ભારતના આગામી સુપરસ્ટાર તરીકે ગણવામાં આવી રહ્યો હતો. જો કે ઈજાના કારણે તેની મુશ્કેલીઓ વધી અને તે ટીમમાંથી બહાર થઈ ગયો. ઈજા બાદ પૃથ્વી ક્યારેક ફોર્મને લઈને સંઘર્ષ કરતો હતો તો ક્યારેક વિવાદોમાં પણ આવ્યો હતો, જો કે તે ભારતીય ક્રિકેટ ટીમમાં વાપસી કરી શક્યો ન હતો. તાજેતરમાં પૃથ્વીએ ડોમેસ્ટિક ક્રિકેટમાં વાપસી કરી અને રણજી ટ્રોફીમાં સદી ફટકારી હતી. પરંતુ યશસ્વીની બેટિંગ જોઈને પૃથ્વીનું વાપસીનું સપનું હવે રોળાઈ ગયું છે. ભારતીય ઓપનર મયંક અગ્રવાલે ભારત માટે ૨૧ ટેસ્ટ મેચ રમી છે.

એક સમયે ભારતીય ટીમનો ભરોસાપાત્ર ઓપનર બની ચૂકેલ મયંક ઈજા અને ખરાબ ફોર્મને કારણે ટીમમાંથી બહાર થઈ ગયો હતો. ત્યારથી તે ટીમમાં વાપસી કરી શક્યો નથી. ટેસ્ટ ફોર્મેટમાં કેપ્ટન રોહિત શર્મા સાથે યશસ્વી જયસ્વાલ જે રીતે બેટિંગ કરી રહ્યો છે તે જોતા હવે તેની વાપસીની આશા લગભગ સમાપ્ત થઈ ગઈ છે. મયંકે છેલ્લે વર્ષ ૨૦૨૨માં ભારત માટે ટેસ્ટ રમી હતી. ડોમેસ્ટિક ક્રિકેટમાં અભિમન્યુ ઈશ્વરનનો રેકોર્ડ શાનદાર છે.

### ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ રાંચીમાં ૨૩ ફેબ્રુ.થી યોજાશે

## સ્ટાર ફાસ્ટ બોલર બુમરાહને ચોથી ટેસ્ટમાં આરામ આપવાની શક્યતા

### બુમરાહને વર્કલોડ મેનેજમેન્ટ હેઠળ આરામ આપવા નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ૫ મેચની ટેસ્ટ સીરિઝની ચોથી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ રમતો જોવા મળશે નહીં. ચોથી ટેસ્ટ મેચ ૨૩ ફેબ્રુઆરીથી રાંચીના જેએસસીએઈન્ટરનેશનલ સ્ટેડિયમ કોમ્પ્લેક્સમાં રમાનાર છે. આ પછી બુમરાહ સીરિઝની છેલ્લી ટેસ્ટ મેચમાં રમશે કે નહીં તેનો નિર્ણય ચોથી ટેસ્ટ મેચના પરિણામ પર નિર્ભર રહેશે. ભારતીય ક્રિકેટ ટીમ આવતીકાલે રાજકોટથી રાંચી જવા રવાના થશે. બુમરાહ આ દરમિયાન ટીમ સાથે રાંચી નહીં જાય. મળેલા અહેવાલો મુજબ બુમરાહ રાજકોટથી અમદાવાદ જશે. બુમરાહ સિવાય અન્ય કોઈ ખેલાડીને આગામી ટેસ્ટ મેચ માટે આરામ આપવામાં આવ્યો હોવાના સમાચાર મળ્યા નથી. બુમરાહને વર્કલોડ મેનેજમેન્ટ હેઠળ આરામ આપવામાં આવી રહ્યો છે. બુમરાહે આ સીરિઝમાં અત્યાર સુધી સૌથી વધુ વિકેટ લીધી છે. બુમરાહે ૩ મેચમાં કુલ ૮૦.૫ ઓવર ફેંકી છે અને આ દરમિયાન તેણે કુલ ૧૭ વિકેટ ઝડપી છે. બુમરાહને વિશાખાપટ્ટનમ ટેસ્ટમાં મેન ઓફ ધ મેચ પણ જાહેર કરવામાં આવ્યો હતો. મોહમ્મદ સિરાજને વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાંથી આરામ આપવામાં આવ્યો હતો અને ત્યાર બાદ તેણે રાજકોટ ટેસ્ટમાં વાપસી કરી હતી. બીસીસીઆઈબુમરાહના સ્થાને કોઈને ટીમમાં સામેલ કરશે કે વર્તમાન ટીમમાંથી કોઈ ખેલાડી તેની જગ્યાએ લેશે તે અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવી શકે છે.




### પરાજય બાદ ઈંગ્લેન્ડના સુકાનીના ડીઆરએસ સામે સવાલ

## ડીઆરએસના કેટલાક નિર્ણયો અમારી વિરુદ્ધમાં ગયા : સ્ટોક્સ

### ઇંગ્લેન્ડની બીજી ઇનિંગમાં ઝેક ક્રોલી બુમરાહના બોલ પર એલબીડબલ્યુ આઉટ થતા વિવાદ ઉભો થયો હતો

। (એજન્સી) રાજકોટ, તા.૧૯ ।

રાજકોટમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૪૩૪ રનથી હરાવ્યું હતું. આ સાથે ભારત આ ટેસ્ટ સીરિઝમાં ૨-૧થી આગળ થઈ ગયું છે. ભારત સામે હાર્યા બાદ ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન બેન સ્ટોક્સે ડીઆરએસના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. બેન સ્ટોક્સે ડીઆરએસને લઈને કહ્યું હતું કે, ''ડીઆરએસહેઠળ લેવાયેલા કેટલાક નિર્ણયો અમારી ટીમની વિરુદ્ધમાં ગયા છે.'' ઈંગ્લેન્ડની બીજી ઈનિંગમાં ઝેક ક્રોલી બુમરાહના બોલ પર એલબીડબલ્યુઆઉટ થયો હતો. ફીલ્ડ અમ્પાયરે આઉટ આપ્યા બાદ ક્રોલીએ ડીઆરએસલીધું હતું. જો કે ટીવી રિપ્લે જોયા પછી એવું લાગતું હતું કે બોલ સ્ટમ્પ સાથે અથડાઈ રહ્યો નથી. પરંતુ આ પછી પણ થર્ડ અમ્પાયરે 'અમ્પાયર્સ કોલ'નો નિર્ણય આપ્યો જેના કારણે ક્રોલીને એલબીડબલ્યુઆઉટ થતાં પેવેલિયન પરત ફરવું પડ્યું હતું. ઝેક ક્રોલીની વિકેટ લીધા બાદ બેન સ્ટોક્સે સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે. "ડીઆરએસને લગતા નિયમો બદલવા જોઈએ. તમે જુઓ કે ક્રોલી કેવી રીતે આઉટ થયો. અમારી વિરુદ્ધ ઘણા ડીઆરએસનિર્ણયો આવ્યા છે, મને લાગે છે કે હવે સમય આવી ગયો છે કે તમારે ડીઆરએસને લઈને કેટલાક નિર્ણયો લેવા પડશે." સ્ટોક્સે વધુમાં કહ્યું, "જ્યારે તસવીરો સામે આવી ત્યારે અમને ઝેકના ડીઆરએસવિશે થોડી સ્પષ્ટતાજોઈતી હતી. રિપ્લેમાં બોલ સ્પષ્ટપણે સ્ટમ્પને મિસ કરી રહ્યો છે, તેથી જ્યારે અમ્પાયર્સ કોલ આવ્યો ત્યારે અમને આશ્ચર્ય થયું. તેથી અમે ફક્ત હોક-આઈના લોકો પાસેથી થોડી સ્પષ્ટતા ઈચ્છતા હતા. મને લાગે છે કે હવે 'અંપાયર્સ કોલ' હટાવી દેવાનું વધુ સારું રહેશે. જો બોલ સ્ટમ્પને હિટ કરે છે, તો તે હિટ કરે છે." જણાવી દઈએ કે આ નિર્ણયને લઈને કેપ્ટન બેન સ્ટોક્સ અને કોચ બ્રેન્ડન મેક્કુલમ મેચ રેફરી પાસે પણ ગાયા હતા.



## વિશેષ

### પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન માટે રાજ્ય સરકાર તમામ સપોર્ટ કરશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'અમદાવાદ સિટી પોલીસ સ્પોર્ટ્સ મીટ -૨૦૨૪' નો પ્રારંભ

### સૌ કોઈ રમત-ગમતમાં આગળ આવી શકે એ માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેલ મહાકુંભનો ૨૦૧૦થી પ્રારંભ કરાવેલો

। (માહિતી) અમદાવાદ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટર્સ ખાતેથી 'અમદાવાદ સિટી પોલીસ સ્પોર્ટ્સ મીટ -૨૦૨૪'ના પ્રારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે ત્યારે વિકસિત ભારતના આ સંકલ્પને સાકાર કરવા સૌ કોઈનું સ્વાસ્થ્ય સારું રહે એ માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફિટ- ઈન્ડિયાનો મંત્ર આપ્યો છે. આ ફિટ ઈન્ડિયાના મંત્રને સાકાર કરવા રમત-ગમતનું મેદાન એક મોટું માધ્યમ છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, આજે રમતગમત એક એવું માધ્યમ છે જે માનસિક તણાવથી સૌ કોઈને મુક્તિ આપે છે. સ્વાસ્થ્ય સારું રાખવા માટે ફિટ રહેવું એ ખૂબ જરૂરી છે અને આ ફિટ રહેવા માટે સૌ કોઈએ મેદાનમાં રમવું પણ એટલું જ જરૂરી છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સ્પોર્ટ્સ મીટમાં ભાગ લઈ રહેલા તમામ પોલીસ કર્મચારીઓ- ખેલાડીઓને પ્રોત્સાહન આપતા કહ્યું કે, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને રમત-ગમત ક્ષેત્રમાં પ્રોત્સાહન મળે એ માટે રાજ્ય સરકાર દ્વારા તમામ સપોર્ટ કરવામાં આવશે. પોલીસના દરેક કર્મચારીઓ પોતાની ગમતી રમતમાં આગળ આવે એ ખુબ જરૂરી છે.

ખેલ મહાકુંભની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સૌ કોઈ રમત-ગમતમાં આગળ આવી શકે એ માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભનો ૨૦૧૦થી પ્રારંભ કરાવ્યો હતો. ખેલ મહાકુંભમાં ૬૦ લાખથી વધુનું રજિસ્ટ્રેશન જ એ વાતની સાબિતી આપે છે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો ખેલો ઈન્ડિયાનો મંત્ર સાકર થઈ રહ્યો છે. આ અવસરે આજનાં બાળકોની જીવનશૈલી વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આજે આપણે જોઈએ છીએ કે મોટાભાગનાં બાળકો સ્કૂલેથી આવ્યાં બાદ તરત મેદાનમાં રમવા જવાને બદલે મોબાઈલ લઈને બેસી જતા હોય છે એ સૌ કોઈ માટે એક ચિંતાનો વિષય છે. આવા સંજોગોમાં આ પ્રકારની સ્પોર્ટ્સ મીટ યોજાવી એ ખૂબ આનંદ અને ગૌરવની વાત છે. અમદાવાદ સિટી પોલીસ સ્પોર્ટ્સ મીટ-૨૦૨૪ના ઉદ્ઘાટન પ્રસંગે રમત-ગમત મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે, આજે ટેકનોલોજીના જમાનામાં જ્યારે લોકોનો મોટાભાગનો સમય સોશિયલ મીડિયા અને ટેકનોલોજી આધારિત ગેમ્સમાં પસાર થાય છે ત્યારે અમદાવાદ શહેર પોલીસ દ્વારા શરૂ કરવામાં આવેલી આ મેદાની રમતોની સ્પર્ધા એવી 'અમદાવાદ સિટી પોલીસ સ્પોર્ટ્સ મીટ ૨૦૨૪' એક પ્રશંસનીય પહેલ છે. આ સ્પર્ધાના આયોજન બદલ રાજ્ય પોલીસ વડા અને અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીને અભિનંદન પાઠવતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, પહેલાના સમયમાં નિયમિત રીતે યોજાતી આ સ્પર્ધાઓને ગુજરાત પોલીસ અને અમદાવાદ શહેર પોલીસ દ્વારા ફરીથી શરૂ કરવામાં આવી છે. નેશનલ લેવલે વિવિધ પોલીસ વિભાગોની રમતોની યજમાની આપણે સફળતાપૂર્વક કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં આપણે નેશનલ ગેમ્સ અને જુનિયર એથ્લેટિક્સ મીટ જેવી રાષ્ટ્રીય કક્ષાની રમતોની સ્પર્ધાઓની યજમાની પણ સફળતાપૂર્વક કરી છે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. વધુમાં વાત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, પોલીસકર્મીઓની ફરજ તણાવભરી હોય છે. સમાજમાં ઊભી થતી દરેકે દરેક તકલીફમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં રાજ્યનો પોલીસ વિભાગ રાત-દિવસ ખડેપગે કામગીરી કરતો હોય છે. કેટલાય પોલીસકર્મીઓ રાજ્યની સુરક્ષા માટે પોતાના પરિવારો સાથે કેટલાય તહેવારોનો ત્યાગ આપતા હોય છે. આવી નોકરીમાં માનસિક તણાવ રહેવો સ્વાભાવિક હોય છે. આથી જ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસકર્મીઓને તણાવમુક્ત રાખવા માટે વખતોવખત અનેકવિધ આયોજનો કરવામાં આવતાં હોય છે. આ સ્પર્ધા પણ આવા જ ઉપક્રમોનો ભાગ છે.




રાજ્યના ગૃહ વિભાગ દ્વારા પોલીસ કર્મીઓની ફિટનેસની જાળવણી માટે વિવિધ સ્થળોએ જીમ શરૂ કરવામાં આવ્યા છે. યોગ બોર્ડ અને અન્ય સંસ્થાઓ સાથે સંકલન દ્વારા માનસિક તણાવ દૂર કરવા અંગે અનેકવિધ સેશન યોજવામાં આવતા હોય છે.

૨૦૨૪ના બજેટમાં પોલીસ જવાનો રમતગમતમાં આગળ વધે તે માટે વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે. SRP કેમ્પને સ્પોર્ટ્સ હબ બનાવવા, પોલીસના અલગ અલગ સેન્ટરો પર સ્પોર્ટ્સ સેન્ટર ઓફ એક્સેલન્સ બનાવવા સહિતનાં આયોજનો કરવામાં આવ્યાં છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આ અવસરે અમદાવાદ પોલીસ કમિશનર શ્રી જી.એસ મલિકે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, પોલીસની કામગીરી તણાવયુક્ત તો હોય જ છે, પરંતુ નાગરિકોની સલામતી જાળવણી, ટ્રાફિક નિયમનની કામગીરીને પગલે કર્મચારીઓ સ્પોર્ટ્સ પ્રત્યે તેમજ સ્વાસ્થ્ય પર પૂરતું ધ્યાન આપી શકતા નથી. રમત-ગમત એવું માધ્યમ છે કે જેને લીધે સ્વાસ્થ્યની જાળવણી કરી શકાય છે અને આ ઉદ્દેશ સાથે જ આ પ્રકારની સ્પોર્ટ્સ મીટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ સ્પોર્ટ્સ મીટમાં કુલ ૧૧ ટીમો ભાગ લઈ રહી છે.એટલુ જ નહિ આ સ્પોર્ટ્સ મીટમાં કુલ ૧૩ રમતો નક્કી કરવામાં આવી છે, જેમાં હોકી, વોલીબોલ, ફુટબોલ, કબડ્ડી, ટેનિસ, હેન્ડબોલ, કુસ્તી, ટેબલ ટેનિસ, રસ્સા ખેંચ, બેડમિન્ટન, બાસ્કેટ બોલ, એથ્લેટિક્સ તેમજ શૂટિંગ/ફાયરિંગ (ફક્ત અધિકારીશ્રીઓ માટે) સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્પોર્ટ્સ મીટમાં અમદાવાદ શહેરના અંદાજે ૧૫૦૦ જેટલાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ભાગ લઈ રહ્યા છે.

આ સ્પોર્ટ્સ મીટનો ઉદ્ઘાટન સમારોહમાં મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે સ્પોર્ટ્સ મીટમાં ભાગ લઈ રહેલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ રમત પ્રત્યે ખેલદિલી ભાવના જળવાઈ રહે એ માટે શપથ પણ લીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ સ્પોર્ટ્સ મીટની કુલ ૧૧ ટીમોમાં પ્રથમ ટીમ તરીકે ઝોન-૧, દ્વિતીય ટીમ ઝોન-૨, ત્રીજી ટીમ ઝોન-૩, ચોથી ટીમ ઝોન-૪, પાંચમી ટીમ ઝોન-૫, છઠ્ઠી ટીમ ઝોન-૬, સાતમી ટીમ ઝોન-૭, આઠમી ટીમ તરીકે મુખ્ય મથક, નવમી ટીમ ટ્રાફિક, દસમી ટીમ ક્રાઈમ બ્રાન્ચ તેમજ ૧૧મી ટીમ તરીકે સી.પી કચેરી, વિશેષ શાખા, કંટ્રોલ રૂમ અને અન્ય શાખાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ટ્રેનમાં મુંબઇ જતી મહિલાના ૭૬ હજારની મતા ભરેલા પર્સની ચોરી

। વડોદરા, તા.૧૯ ।

ગરીબ રથ ટ્રેનમાં બેસી મુબઈ જતી વેળા મહિલા એસી કોચમાં ઉંઘી ગયા હતા. દરમિયાન રાત્રીના સમયે કોઈ ગઠિયો તેમના એપલનો મોબાઈલ તથા રોલેક્ષની ઘડિયાળ મળી ૭૬ હજારની મતા ભરેલા પર્સની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેથી મહિલાએ રેલવે પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. મુંબઈ ખાતે રહેતા રીંકલબેન સંજય જોગાતરે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે ૯ જાન્યુઆરીના રોજ પાલના રેલવે સ્ટેશનથી ગરીબરથ ટ્રેનના એસી કોચમાં મુસાફરી કરીને અમે મુંબઈ પરત જતા હતા. તે દરમિયાન રાત્રીના સમયે જમીને ટ્રેનમાં ઉંઘી ગયા હતા. દરમિયાન ટ્રેન વડોદરા રેલવે સ્ટેશન પર રાતના અઢી વાગ્યાના અરસામાં પહોંચી હતી.

## નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો

। ગાંધીનગર, તા.૧૯ ।

નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.. કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ કહ્યું કે ગુજરાતમાં નલ સે જલ યોજનાની કામગીરી માત્ર કાગળ પર જ થઈ છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં નલ સે જલ યોજનામાં કરોડોનું કૌભાંડ થયું છે. તેમણે આક્ષેપ કર્યો કે નીચી ગુણવત્તાવાળી પાઈપો લગાવીને આ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. અને અમુક ગામોમાં તો નલ સે જળ યોજનામાં કોઈ કામગીરી થઈ જ નથી. પાણી પુરવઠા મંત્રીના તાલુકામાં જ નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો. સાથે જ મુખ્યમંત્રી સુધી રજુઆત કરવા છતા કોઈ પગલા લેવામાં ન આવ્યા હોવાનું તેમણે કહ્યું. કોંગ્રેસ પ્રવકતા મનિષ દોશીએ કહ્યું કે ભાજપના પદાધિકારો દ્વારા તેમના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપી કૌભાંડ કરવામાં આવ્યું છે.

### લર્નિંગ આઉટકમથી સ્ટુડન્ટ રિપોર્ટ કાર્ડ આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય

# ૧૩ દેશના શિક્ષણ પ્રધાનો અને વર્લ્ડ બેંકની ટીમ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શાળા શિક્ષણના તમામ ઈનીશીયેટિવ્સના દર વર્ષે લગભગ ૫૦૦ કરોડથી પણ વધારે ડેટા સેટનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ વિદ્યાર્થીઓના ધોરણ-અનુરૂપ અભ્યાસનું પરિણામ વધારે સારું બને તે માટે બિગ ડેટા એનાલિટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ ખૂબ મોટા ડેટાનું અર્થપૂર્ણ એનાલિસિસ કરવામાં આવે છે

૧૩ દેશના શિક્ષણ પ્રધાનો અને વર્લ્ડ બેંકની ટીમ વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે આવ્યા છે. ઈન્ડિયા સમિટ ઓન એજ્યુકેશન નોલેજ એક્સચેન્જ કાર્યક્રમ અંતર્ગત તેઓ આ મુલાકાતે છે. આ તમામ લોકોએ ગુજરાતના શિક્ષણ મોડલની નોંધ લીધી છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શાળા શિક્ષણના તમામ ૫૦૦ કરોડ ડેટાસેટનું એકત્રીકરણ છે. વિદ્યાર્થીઓના ધોરણ-અનુરૂપ અભ્યાસનું પરિણામ સુધારવા પ્રયાસ કરવામાં આવે છે. રાજ્યના વિદ્યાર્થીઓના લર્નિંગ આઉટકમ આધારિત રિપોર્ટ તૈયાર થાય છે લર્નિંગ આઉટકમથી સ્ટુડન્ટ રિપોર્ટ કાર્ડ આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.

લુઈસ બેન્વેનીસ્ટ, ગ્લોબલ ડીરેક્ટર, એજ્યુકેશન, વર્લ્ડ બેંકની અધ્યક્ષતા હેઠળ વર્લ્ડબેંકની ટીમ સાથે માલી, ગુઈનિઆ, મોરીતાનિયા, બ્રુકીના ફાસો, ટોગો, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, બેનિન, લિબેરિયા, સીર્રા લીઓને, નાઈજેરીયા, કેમરૂન, મોંગોલિયા, ઘાના દેશોના શિક્ષણમંત્રીઓ અને ડેલીગેશન સાથે આશરે ૬૫ જેટલા લોકો વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાતે આવ્યા છે. તેમને વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે કરવામાં આવતી તમામ માહિતીથી અવગત કરવામાં આવશે.આ ઉપરાંત ગયા વર્ષ ઓગસ્ટ મહિના દરમ્યાન, જેનેટ યેલન, સેક્રેટરી ટ્રેઝરી, યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને અજય બાંગા, પ્રમુખ, વર્લ્ડ બેંક દ્વારા વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લેવામાં આવી હતી.

વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શાળા શિક્ષણના તમામ ઈનીશીયેટિવ્સના દર વર્ષે લગભગ ૫૦૦ કરોડથી પણ વધારે ડેટા સેટનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ વિદ્યાર્થીઓના ધોરણ-અનુરૂપ અભ્યાસનું પરિણામ વધારે સારું બને તે માટે બિગ ડેટા એનાલિટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ ખૂબ મોટા ડેટાનું અર્થપૂર્ણ એનાલિસિસ કરવામાં આવે છે તથા School Education Dashboard દ્વારા રાજ્ય ।જિલ્લો । બ્લોક । ક્લસ્ટર । શાળા। ધોરણ । વિષય । વિદ્યાર્થી એમ સર્વસ્તરીય રીયલટાઈમ ઓનલાઈન મોનિટરીગ કરવામાં આવે છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે રાજ્યના તમામ ૧.૧૫ કરોડ વિદ્યાર્થીઓની તેમજ તમામ ૪ લાખ જેટલા શિક્ષકોની દૈનિક ઓનલાઈન હાજરી નોંધવામાં આવે છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા એકમ કસોટી, સત્રાંત અને વાર્ષિક પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષાઓના પરિણામ સ્વરૂપ દરેક વિષય અને દરેક વિદ્યાર્થી દીઠ Learning-Outcomes આધારીત Student Report Card આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે અને અત્યાર સુધીમાં લગભગ ૧૭ કરોડ જેટલા Student Report Card આપવામાં આવ્યા છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સચિવાલય પોઈન્ટની ST-70 બસોનું લોકાર્પણ

### પાંચ હજારથી વધુ કચેરીઓને લાભ લેશે



। ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાત એસટી નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસોના કાફલા સાથે ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરે છે, ૨૫ લાખથી વધુ મુસાફરો સમયબદ્ધતા સાથે ગંતવ્ય સ્થાન સુધી જવા-આવવાની સેવાઓ પૂરી પાડે છે

આજરોજ ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદ-ગાંધીનગરની વિવિધ કચેરીઓમાં કાર્યરત પાંચ હજારથી કચેરીઓને સચિવાલય જી પોઈન્ટ સેવામાં નવી ૭૦ બસની સુવિધાનો લાભ મળશે થશે. એટલું જ નહીં, ગુજરાતના સામાન્ય નાગરિકોને પોતાના કામકાજ કે રજૂઆત માટે સચિવાલય આવતા નાગરિકોને પણ સરળ પરિવહન સેવા મળશે.

ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સેવામાં મુકાયેલી આ નવી ૭૦ જી બસોનું લોકાર્પણ વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને રાજ્યમંત્રી મંડળની પ્રેરક ઉપસ્થિતિમાં કર્યું હતું.

સચિવાલય પોઈન્ટ સેવા ઉપરાંત ગુજરાત એસટી નિગમ દૈનિક ૮ હજારથી વધુ બસોના કાફલા સાથે ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરે છે તથા ૨૫ લાખથી વધુ મુસાફરોને સલામતી, સુરક્ષિતતા અને સમયબદ્ધતા સાથે તેમના ગંતવ્ય સ્થાન સુધી જવા-આવવાની સેવાઓ પૂરી પાડે છે. રાજ્ય સરકાર મુસાફરોને વધુ સહુલિયત આપવાના અભિગમ સાથે પ્રતિ વર્ષ નવી બસોની ખરીદી માટે એસ.ટી. નિગમને નાણાંકીય સહાય પૂરી પાડે છે.



તદઅનુસાર, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ના બજેટ પ્રાવધાન અન્વયે સુપર એક્સપ્રેસ, ગુર્જર નગરી અને સ્લીપર કોચ મળી કુલ ૨,૮૧૨ નવા વાહનો પેસેન્જર સેવા માટે સંચાલનમાં મૂકવામાં આવનારા છે.

આ નવા વાહનો પૈકી રૂ. ૨૬ કરોડના ખર્ચે ૭૦ બસો સચિવાલય પોઈન્ટ સેવા માટે શરૂ કરવામાં આવી છે. વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીના દિશા નિર્દેશનમાં એસ.ટી. નિગમે છેલ્લા ૧૪ મહિનામાં ૧૫૨૦ નવીન બસો પ્રજાની સેવામાં મૂકી છે. આગામી સમયમાં આવી વધુ નવી બસ સેવાઓ મુસાફરોની સુવિધા માટે સેવામાં મૂકવાનું આયોજન પણ એસ.ટી. નિગમે હાથ ધર્યું છે.

મુખ્યમંત્રીએ સચિવાલય પોઈન્ટ સેવાની ૭૦ નવી બસોને ફ્લેગ ઓફ કરાવ્યું તે વેળાએ વાહનવ્યવહારના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, એસ.ટી. નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક શ્રી અશોક શર્મા તેમજ વરિષ્ઠ અધિકારીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ અને કર્મયોગીઓ પણ સહભાગી થયા હતા.

# દેવુસિંહ ચૌહાણ અને ડો.મહેન્દ્ર મુંજપરાને રિપિટ નહીં કરાય

### મનસુખ માંડવિયાને ભાજપ હાઇકમાન્ડ તેમને લોકસભાની ચૂંટણી લડાવે તેવી પૂરેપુરી શક્યતા જોવાઇ રહી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

એક તરફ, ગુજરાત સહિત દેશભરમાં પક્ષપલટાનો દોર જામ્યો છે. બીજી તરફ, લોકસભાની ચૂંટણીને ટિકીટના દાવેદારોને લઈને રાજકીય અટકળોનો દોર શરૂ થયો છે. રાજ્યસભાના ચારેય ઉમેદવારો જાહેર થયા બાદ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પુરુષોત્તમ રુપાલાનું શું થશે તે લઈને ચર્ચા જામી છે. એવી ચર્ચા છે કે, મનસુખ માંડવિયા માટે ભાવનગર-અમરેલી ઉપરાંત પોરબંદર એમ ત્રણેક બેઠકો પૈકી કોઈ એક બેઠક પરથી ચૂંટણી લડી શકે છે જયારે અન્ય કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ અને ડો.મહેન્દ્ર મુંજપરાને રિપિટ નહી કરાય. ગુજરાતમાં ખાલી પડેલી રાજ્યસભાની ચાર બેઠકો માટે ઉંમેદવારો ઘોષત કરાયા છે જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પુરષોત્તમ રુપાલાને રિપિટ કરાયા નથી. આ જોતાં બંને કેન્દ્રીય મંત્રીઓ હવે શું થશે? તે અંગે અટકળો શરૂ થઈ છે. સૂત્રોના મતે, મનસુખ માંડવિયાનું પાટીદારોમાં પ્રભુત્વ છે સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના ગણાય છે પરિણામે ભાજપ હાઈકમાન્ડ તેમને લોકસભાની ચૂંટણી લડાવે તેવી પૂરેપુરી શક્યતા જોવાઈ રહી છે. માંડવિયા માટે ભાવનગર બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. આ ઉપરાંત અમરેલી અને પોરબંદર બેઠક પરથી પણ ચૂંટણી મેદાને ઉતરી શકે છે. માંવડિયાનુ ચૂંટણી લડવુ લગભગ નક્કી છે. આ તરફ, પુરુષોતમ રુપાલાની ઉંમરને જોતાં લોકસભાની ચૂંટણી લડે તેવી શક્યતા ઓછી છે. રુપાલાને ભાજપના સંગઠનમાં ગોઠવવા કવાયત ચાલી રહી છે.



અમદાવાદમાં ગરમી શરૂ થતા શાકભાજીના ફેરીયા છત્રી લગાવીને વેપાર કરી રહ્યા છે.

# નિકાસની છૂટ મળતા યાર્ડમાં ડુંગળીના ભાવમાં ઉછાળો

। (એજન્સી) ભાવનગર, તા.૧૯ ।

નિકાસની છૂટ આપ્યા બાદ ભાવનગરના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવમાં ઉછાળો નોંધાયો છે અને ૨૦ કિલો ડુંગળી રૂપિયા ૨૦૦થી લઈને ૪૧૦ના ભાવે વેચાઈ છે. આપને જણાવી દઈએ કે માર્કેટ યાર્ડમાં આજે ૭૦ હજાર ગુણી ડુંગળીની આવક થઈ છે. ભલે ડુંગળીના ભાવ વધ્યા, પરંતુ ખેડૂતોને તો અભાવ જ છે. નિકાસની છૂટ બાદ પણ ખેડૂતને તો રડવાનો જ વારો આવ્યો છે. ખેડૂતોએ અગાઉ જ નજીવા દરે ડુંગળી વેચી દીધી હોવાથી હાલ વધેલા ભાવનો તેમને કોઈ લાભ નહીં મળે. હવે ખેડૂતો પાસે ડુંગળીનો જરાય સ્ટોક નથી, તેવા સંજોગોમાં કેન્દ્રએ નિકાસની છૂટ આપતા ખેડૂતો નિસાસો નાખી રહ્યા છે. ખેડૂતોનો આરોપ છે કે ડુંગળીની નિકાસની છૂટનો લાભ માત્ર વેપારીઓને કે સંગ્રહખોરોને મળશે. ખેડૂતોનો આરોપ છે કે સરકારે વેપારીઓને લાભ કરાવવા માટે નિર્ણય લીધો છે. મહત્વપૂર્ણ છે કે આજના દિવસે ભાવનગરમાં ૭૦ હજાર ગુણી ડુંગળીની આવક નોંધાઈ છે. સરકારના નિકાસબંધી હટાવવાના નિર્ણયને ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહે લોલિપોપ સમાન ગણાવ્યો.

### કોંગ્રેસના કોર્પોરેટરે તેના ભાઇ વિરુદ્ધ નોંધાવી ફરિયાદ

# અમદાવાદના શાહ આલમમાં થયેલ ફાયરિંગમાં એફઆઈઆર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદના શાહ આલમ વિસ્તારમાં બનેલ ફાયરિંગ અને મારામારીની ઘટનામાં ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. મળતી જાણકારી અનુસાર, કોંગ્રેસના કોર્પોરેટર તસ્લીમ આલમે તેના ભાઈ નકી આલમ સહિત કુલ ચાર સામે ફરિયાદ નોંધાવી હતી. તો નકી આલમ તરફની તેના ભાઈ તસ્લીમ આલમ સહિત કુલ સાત સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. કોંગ્રેસ કોર્પોરેટર તસ્લીમ આલમે નકી આલમ સહિત ચાર વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી તો નકી આલમે તેના ભાઈ તસ્લીમ સહિત સાત વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંન્ને પક્ષના પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી. તસ્લીમ આલમે કરેલી ફરિયાદમાં ચાર પૈકી ત્રણ આરોપીની ધરપકડ કરવામાં આવી છે જ્યારે નકી આલમ તરફથી કરાયેલ ફરિયાદમાં સાત પૈકી બેની ધરપકડ કરવામાં આવી હતી. નોંધનીય છે કે ગઈકાલે કોર્પોરેટર તસ્લીમ આલમ અને તેના નાના ભાઈ વચ્ચે લડાઈ થઈ હતી. જેમાં નાના ભાઈએ હવામાં ફાયરિંગ પણ કર્યું હતું તો લાકડીઓ વડે બંને ભાઈ અને તેમના પરિવારજનો એકબીજા પર તૂટી પડ્યા હતા. લાકડી વડે હુમલો કરાતા કોર્પોરેટર તસ્લીમ આલમના બે પુત્ર ઈજાગ્રસ્ત થયા હતા. જમીન વિવાદમાં બંને ભાઈ જાહેરમાં મારામારી પર ઉતરી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી આવી હતી અને સ્થિતિ કાબૂમાં લીધી હતી. પોલીસે હાલ તો બંન્ને તરફથી ફરિયાદો લઈ તપાસ શરૂ કરી હતી.

## સગીરાએ ઘરમાંથી દાગીના અને ૨૫ હજાર પ્રેમીને આપી દીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

શહેરના સરખેજ પોલીસ સ્ટેશનમાં એક સગીર પુત્રી ના પિતા એ બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. ઘણા સમયથી માતા પિતાની જાણ બહાર પુત્રીએ પ્રેમ સંબંધ બાંધ્યો હતો. સગીરા તેના પ્રેમીને અવાર નવાર મળતી ત્યારે હોટલમાં જતી ત્યારે શારિરીક સંબંધો બાંધતી હતી. પરંતુ એક દિવસ સગીરાના ઘરમાંથી દાગીના અને ૨૫ હજાર ગાયબ થતાં પિતાએ સભ્યોની પૂછપરછ કરતા સગીરાએ પોતાના પ્રેમ સંબંધની અને શારિરીક સંબંધની જાણ કરતા ભાંડો ફુટ્યો હતો. જેથી પિતાએ પુત્રીના પ્રેમી સામે સરખેજમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના સરખેજ વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા કોલેજ માં અભ્યાસ કરે છે.

# સાયન્સ સિટી વિસ્તારમાં ઓક્સિજન પાર્કમાં આવેલા તળાવમાં લીલ જામી ગઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

રાજ્યની સૌથી મોટી અને સૌથી વધુ આવક ધરાવતી અમદાવાદ મહાનગરપાલિકાના બેદરકારીના અનેક કિસ્સા અવાર નવાર સામે આવતા રહે છે. વધુ એક કિસ્સો સાયન્સ સિટી વિસ્તારમાંથી સામે આવ્યો છે. કરોડોના ખર્ચે લોકોની સુવિધા માટે ઓક્સિજન પાર્ક બનાવવામાં આવ્યો છે. આ પાર્કની અંદર એક કુત્રિમ તળાવનું પણ નિર્માણ કરાયું છે. પરંતુ આ તળાવ યોગ્ય જાળવણીના અભાવે દયનીય સ્થિતિમાં આવી ગયું છે. તળાવમાં ચારે બાજુ લીલ જામી ગઈ છે. તળાવમાં ક્યાંય પાણી નજરે પડતું જ નથી. જેના કારણે આસપાસના વિસ્તારમાં રહેતા લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. અસહ્ય દુર્ગંધ મારતા આસપાસના રહીશો પરેશાન થઈ ગયા છે. આ તળાવમાં પાણીના રોટેશન માટેના પંપ લાંબા સમયથી બંધ હાલતમાં હોવાથી તળાવમાં ઓક્સિજનનું રોટેશન પણ નથી થઈ રહ્યું.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨